Gandhi Heritage Portal

सत्याग्रहाश्रम पुस्तकालय

# अखानी वाणी.

## श्री अखेगीता.

### કડવું ૧–હરિગુરૂ સંતની સ્તુતિ.

#### રાગ ધન્યાશ્રી.

ૐ નમો ત્રિગુણપતિરાયજી, સર્વે પહેલા જે પૂજાયજી;
અગમઅગોચર જેને શ્રુતિ ગાયજી, ચરણ ચિંતવી હું લાગું પાયજી. ૧

#### પૂર્વછાયા.

ચરણ ચિંતવીને સ્તુતિ કરૂં, ચિદ્શક્તિ બ્રહ્માનંદની;
અણછતો અખો અધ્યારોપ કરે, તે કથા નિજાનંદની. ૧
ગુરૂ ગોવિંદ ગોવિંદ ગુરૂ, નામ યુગલ રૂપ એક;
તેને સ્તવું નીચો નમીને, કરૂં બુદ્ધિમાન[1] વિવેક. ૨
પરાત્પર પરબ્રહ્મ જે, તે મન–વાણીને અગમ્ય;
તેનો લક્ષ આપી શકે, તે માટે ગુરૂ તે બ્રહ્મ. ૩
શ્વાન[2] શૂકર[3] બિડાલ ખર, તેના ટોળાનો જે જંત;
તેને મૂકે હરિ કરી, જેને મલે સદ્ગુરૂ સંત. ૪

૧. મારી બુદ્ધિ પ્રમાણે. ૨. કૂતરૂં. ૩. ભુંડ.



Gandhi Heritage Portal

ગુરૂ મહિમા છે અતિ ઘણો, કો સમજે સંત સુજાણ;
તે ગુરૂ-ગોવિંદ એકતા ભજે, જેને લાગ્યાં સદ્ગુરૂ-બાણ. ૫
જેમ રવિ દેખાડે રવિધામને, તેમ ગુરૂ દેખાડે રામ;
તે માટે હરિ તે ગુરૂ, ગુરૂ ગોવિંદ એવું નામ. ૬
ચિહ્ન સમ્યું તે સંતનું, જે ગુરૂ-ગોવિંદ એકતા ભજે;
જેમ બીબામાંહે રસ ભર્યો, તે વણ ઘડ્યે રુપ નીપજે. ૭
જેમ સુવર્ણકેરી મોહોરમાંહે, અન્ય મુદ્રા છે અતિઘણી;
તેમ ગુરૂ-ભજનમાં સર્વ આવે, જો મન વળે ગુરૂચરણભણી. ૮
જેમ બધિર ન જાણે નાદ સુખને, સ્વાદ નોહે રસનાવિના;
તેમ ગુરૂવિના હરિ નવ મલે, જેમ ભોગ ન પામે નિર્ધના. ૯
કહે અખો સહુ કોએ સુણો, જો ટાલવા હીંડો જંતને;[1]
એ આરત્યશું[2] ઉરમાં ધરો, તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨-વેદાંતિ કવિયોની સ્તુતિ.

### રાગ ધન્યાશ્રી.

કવિજને આગે ગ્રંથ બહુ કર્યાજી, વિધવિધકેરા[3] જુગતે[4] વિસ્તર્યાજી;
ષટ્દરશનના[5] મત બહુ ઓચર્યાજી, પૂર્વના કવિયો નામે ઊધર્યાજી.[6] ૧

### પૂર્વછાયા.

ઊધર્યા બહુ સ્તુતિ કરીને, એવી ગ્રંથકારની રીત છે;
સૂર્યઆગળ ખદ્યોત[7] કશો, એવી બોલવાની નીત[8] છે. ૧
જાન્હવીઆગળ[9] જેમ વોહોકલો[10], સુરતરૂ[11] બદરી[12] યથા[13];

---

૧. જીવભાવને. ૨. પ્રીતિથી. ૩. નાના પ્રકારના. ૪. યુક્તિથી. ૫. ન્યાય આદિ છ શાસ્ત્રના. ૬. તર્યા. ૭. આગીઓ. ૮. નીતિ. ૯. ગંગાજીની આગળ. ૧૦. નાળું. ૧૧. કલ્પવૃક્ષ. ૧૨. બોરડી. ૧૩. જેમ.

Gandhi Heritage Portal

પારિજાતક[૧] પાસે અરણી[૨], મહાકવિઆગળ હું તથા[૩]. ૨
ગરૂડ આગળ યથા કુરરી[૪], સાગર આગળ કૂપ;
મેઘઆગળ યથા ઝાકળ, ક્યાં તેલ ને ક્યાં તપ[૫]. ૩
બાવનાચંદનબેહેક[૬]–આગળ, કશો શોભે કરીર[૭];
કશું નીર નવાણનું, કિહાં રસકૂપિકાનું[૮] નીર. ૪
પારસના પરતાપઆગળ, અન્ય વિદ્યા કોણ માત્ર;
કિહાં ક્ષુદ્ર દેવ ઉપાસના, જેને કરે અક્ષયપાત્ર[૯]. ૫
એહવા કવિજન ગ્રંથ આદે, ગલિત[૧૦] વચન બોલતા હવા;
કહું કોપ ક્રોધ કરો રખે, હીંડીશ બાલક–બુદ્ધિ બોલવા. ૬
તેણે ગ્રંથ પહેલું એમ જાણવું, અમો મગણ જગણ નથી જાણતા;
તુક[૧૧] ચોઝ[૧૨] ચાતુરી ઝડઝમકો, અમો લહ્યા વિના નથી આણતા. ૭
એમ ગલિતપણે ગરૂઆ થયા, કરૂણા ઉપજાવી કવિજને;
હું એટલુંજ કહીને સ્તવું, જો કવિ જાણો સુજને. ૮
હું તો જેમ દારૂકેરી[૧૩] પૂતલી, ચાળા કરે અપાર;
પણ કાષ્ઠમાંહે કાંઇ નથી, એ તો કલ ચાંપે 'સૂત્રધાર[૧૪]. ૯
કહે અખો સહુકો સુણો, એમ સમઝો નિજ તંતને[૧૫];
ઇચ્છો પરમપદને પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

૧. હારશિંગાર. ૨. દુર્ગંધયુક્ત પાંદડાંવાળું વૃક્ષ. ૩. તેમ. ૪. કુંઝડી વા ટીંટોડી. ૫. ઘી. ૬. શ્રેષ્ટ ચંદનની સુગંધ. ૭. કેરડો. ૮. લોઢાને સોનું બનાવી દેનારા રસનો નાનો કૂવો. ૯. જેમાં રાખેલો પદાર્થ ન ખૂટે એવું પાત્ર. ૧૦. નમ્ર. ૧૧ ચરણ. ૧૨. ધ્વનિ. ૧૩. લાકડાની. ૧૪. સૂતાર. ૧૫. સ્વરૂપને.

Gandhi Heritage Portal

## કડવું ૩–વેદાંતના પ્રાચીન શ્રોતાવક્તાનાં નામ.

### રાગ ધન્યાશ્રી.

અણછતો આત્મા તે શું ઓચરેજી, આપનું વર્ણન તે આપે કરેજી;
જીવતણું પદ જોતાં જે નીસરેજી, સાંખ્યયોગ જોતાં જે હરિ ઉગરેજી૧.

### પૂર્વછાયા.

ઉગરે[1] જે વિચાર કરતાં, બ્રહ્માદિક જે ગૃહી રહ્યા;
તે હરિને તમે ઓળખો, જે આદ્યપુરૂષે[2] અજને[3] કહ્યા. ૧
જે પદ શિવના તનપ્રત્યેં[4], દત્તેં[5] કહ્યું વિશદ[6] કરી;
આકાશવતકેરી[7] કથા, [8]ષડાનનેં ઉરમાં ધરી. ૨
વિધિ વશિષ્ટેં કહી કથા, રઘુનંદન–આગળ[9] જેહ;
અર્ણવ[10] બ્રહ્મ–વિદ્યાતણો, ભાઈ દેખાડયો છે તેહ. ૩
અનંત પ્રકારે અચ્યુતે[11], કહ્યું ભારતને[12] જ્ઞાન;
ગીતા ગાઈ ગોવિંદે, કર્મ–યોગ[13] નિદાન. ૪
સમઝાવ્યા સાનેં કરી, જનકેં જે શુકદેવને;
મહામુક્ત થઇને પરવર્યા, જ્યારે પ્રીછયો અંતર ભેવને[14]. ૫
ભીષ્મે ભગવાન–સાન્નિધ્ય, પાંડવપ્રત્યેં જે કહ્યું;
શાંતિપર્વે શાતા કીધી, હત્યાનું હારદ[15] ગયું. ૬
વેદવ્યાસે વેદ વેંહેંચ્યા, કર્મ ધર્મ પોષ્યા જીવને;
તેની દાઝેં લાગ્યા દાઝવા, જો જાણ્યા નહિ નિજ શિવને[16]. ૭

---

૧ અવશેષ રહે. ૨ નારાયણ. ૩ બ્રહ્માને. ૪ પુત્રપ્રતિ–કાર્તિક સ્વામીપ્રતિ. ૫ દત્તાત્રેયે. ૬ સ્પષ્ટ. ૭ આકાશ જેવાની–બ્રહ્મની. ૮ કાર્તિકસ્વામીએ. ૯ રામચંદ્રજીની સમીપ. ૧૦ સમુદ્ર. ૧૧ શ્રીકૃષ્ણે. ૧૨ અર્જુનને. ૧૩ નિષ્કામકર્મયોગ. ૧૪ આત્મસ્વરૂપને. ૧૫ શંકા. ૧૬ બ્રહ્મસ્વરૂપને.

Gandhi Heritage Portal

પછી નારદેં નારાયણકેરૂં, નિજ જ્ઞાન કહ્યું મહાદ્વિજને[1];
ત્યારે દ્વૈપાયનની[2] દાઝ ભાગી, જ્યારે કૃપા કીધી સંતજને. ૮
શિવેં કહ્યું શિવાપ્રત્યેં[3], નિરાલંબ[4] નિજધામ
અમર કીધા આત્મા, અદ્યાપિ[6] સહસ્ર[7] નામ. ૯
કહે અખો વસ્તુજ્ઞાનવિના[8], કુશળ ન હોય જંતને[9];
નિજધામ હીંડો જાણવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

## કડવું ૪–અજ્ઞાની જીવની દુઃખ દશા.

### રાગ ધન્યાશ્રી.

જે જંતે ન જાણ્યો જે નિજઆતમાજી,
તે ભટક્યો ભમ્યો માયાના સાથમાંજી;
રયણીનો[10] ભૂલ્યો ઘર પામે પ્રાતમાંજી[11],
પણ દિવસે દિશમોડયો[12] ઘણું ભમે રાતમાંજી. ૧

### પૂર્વછાયા.

રાત્યમાંહે રડવડે, અજ્ઞાને આવર્યો હતો;
તે નિજઆત્માથી ઓતળીને[13], વિચરતો માયાવતો[14]. ૧
જેમ સુતો નર નિદ્રાવિષે, માયા[15] બહુ બીજી રચે;
કારજકારણ[16] પોતે થઇને, નિદ્રાવશમાંહે[17] પચે[18]. ૨

---

૧ વ્યાસજીને. ૨ વ્યાસજીની. ૩ પાર્વતીપ્રતિ. ૪ આલંબનરહિત. ૫ સ્વયંપ્રકાશ સ્વરૂપ. ૬ હજી પણ. ૭ હજાર. ૮ આત્મસ્વરૂપના જ્ઞાન વિના. ૯ પ્રાણીને. ૧૦ રાતનો. ૧૧ સવારમાં. ૧૨ જેને દિશાની ભ્રાંતિ થઇ છે એવો. ૧૩ વિમુખ થઇને. ૧૪ માયાભણી. ૧૫ સ્વપ્નના પદાર્થો. ૧૬ સ્વપ્નના પદાર્થો ને સ્વપ્નના પદાર્થોને કલ્પનાર. ૧૭ નિદ્રાને વશ થઇને. ૧૮ સુખદુઃખનો અનુભવ કરે છે.

Gandhi Heritage Portal

આપથી[1] ઓતળેથકે[2], અસંભાવના[3] ઉપજે;
પછે તે વિપરીતભાવના[4] આચરે, ને દુઃખ પામે થોડે ગજે[5]. ૩
પંચ પર્વા[6] માયા–અવિદ્યા, હૂં મારૂં આદે સહી;
તે ફરે ફેરા ભવવિષે, જ્યમ મણિ નિગમે[7] આંધળો અહિ[8]. ૪
તે ભોગ દેખી ભૂર[9] થાયે, લડાવા ઇંદ્રિ–વિષે[10];
સંસારનાં સુખ સત્ય જાણી, કર્મ–મોદક[11] નિત્ય ભખે. ૫
કર્મજડને કર્મ વાહાલાં, મર્મ ન સમજે બ્રહ્મનો;
ફરી ફરી તે આચરે, પણ ટલે નહીં દેહ [12]ચર્મનો. ૬
પરમાત્માને પુંઠ દઈ, આત્મા ઈંદ્રિ જુવે;
ઈંદ્રિની દૃષ્ટિ વિષે સાહામી, એમ આપોપું[13] નર ખુવે. ૭
વિષય વરક્ત[14] કરે હરિથી, નીચપણું દે જીવને;
અજ્ઞાને અવળો ફરે, તે સંમુખ ના હોય શિવને. ૮
સંસારનાં સુખ અધિક દેખી, કૃપા માને ઈશ્વરી;
અંતરમાંહેનું જ્યાંન[15] ન જાણે, જે પ્રાણપતિ ગયો વિસરી. ૯
કહે અખો સહુકો શુણો, જો આણો જીવના[16] અંતને;
હીંડો પરમપદને પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

૧ સ્વરૂપથી. ૨ વિમુખ થવાથી. ૩ સંશય. ૪ વિપર્યય–મિથ્યા જ્ઞાન. ૫ સામર્થ્યે. ૬ વિભાગ વાળી. ૭ ખોવાઇ જવાથી. ૮ સર્પ. જેમ પોતાનો મણિ ખોવાઇ જવાથી સર્પ આંધળો થઇ જાય છે તેમ અવિદ્યા ને હું તથા મારૂં એવડે જીવ પોતાના સ્વરૂપને ભૂલી સંસારમાં ભ્રમણ કરે છે. ૯ કામનાવાળો. ૧૦ ઇંદ્રિયોને વિષયોમાં. ૧૧ કર્મરૂપી લાડુ. ૧૨ ચામડાનો. ૧૩ સ્વસ્વરૂપને. ૧૪ અળગો. ૧૫ હાનિ. ૧૬ જીવભાવના.

Gandhi Heritage Portal

## પદ ૧-અજ્ઞાનથી જીવદશાની પ્રાપ્તિ.

### રાગ સામેરી.

જીવની આદ્ય[1] વિચારો રે પંડિતો, આદ્ય જોતાં તે અનાદ્ય[2] દિશે;
દેહતણી છાયા સમાયે દેહવિષે, જ્યારે મધ્ય આવે સૂર[3] શિશેં[4]. જી૦
તનમનને ઓલખ્યાવિના આફલે[5], જેમ સૂત્રધાર[6] નિજ નાવ[7]નિરમે[8]
તેજ સૂત્રધાર તે નાવે બેઠો થકો, પછે પરવશ પડયો પંથ કર્મે[9]. જી૦
તન મન નૌકા જીવ ગણે માહરૂં, પણ ભવસાગર-મધ્ય કાલ ખેડે;
કર્મના વાયુને વશ પડયો લાગ્યો ડોલવા, જ્યારે હાથથી વાત
વટકીજ[10] નેડે[11]. જી૦
ભ્રમનાએ[12] ભટકે ઘણા ભવવિષે, ગુરૂ ગોવિંદના શરણપાખેં[13];
માયારૂપણી માજ વાહાલી અખા, તે જાણીને જનની ભેદ[14] રાખે. જી૦

---

## કડવું ૫-જીવ ઉપર માયાનો દગો.

### રાગ ધન્યાશ્રી.

મર્મ ન સમઝે જે માયાતણોજી, તે નર જાણે હું ઘણું બોલણોજી;
તેહને જાણે જનની આપણોજી, તે ભવ[15] ભટકે સહુથી અતિ ઘણોજી.

### પૂર્વછાયા.

ભવમાંહે ભટકે ઘણું, પોતાનો કરીને ઠગે;
જયમ વિશ્વાસીને[16]. વધે[17] વેરી[18], દીન[19] થઇ મારે દગે. ૧
જેમ પાલે ખેરીને[20] ખાટકી[21], તેને ભક્ષ્ય ભોજ્ય આપે ઘણું;

---

૧ આદિ. ૨ બ્રહ્મ. ૩ સૂર્ય. ૪ માથે. ૫ આથડે. ૬ સૂતાર. ૭ વહાણ. ૮ રચે. ૯ કર્મવડે. ૧૦ દૂર થઇ ગઇ. ૧૧ સમીપમાં. ૧૨ ભ્રાંતિએ. ૧૩ શરણવિના. ૧૪ અંતરાય. ૧૫ સંસારમાં. ૧૬ વિશ્વાસ ઉપજાવીને. ૧૭ હણે. ૧૮ શત્રુ. ૧૯ રાંક. ૨૦ બકરાને. ૨૧ કસાઇ.

Gandhi Heritage Portal

પછી વધ કરે વારૂં[૧] કરીને, એ લક્ષણ અજાતણું[૨]. ૨
તે મેંઢો[૩] જાણે માહરો, પાલક પોષક છે ધણી;
તેને આપ જાય અરપવા[૪], મોટમ મનમાં અતિ ઘણી. ૩
વાત્સલ્ય[૫] જાણી વામ-દક્ષિણ[૬], વણ[૭] દોર્યો કેડે[૮] ફરે;
તેને મહાજન[૯] મૂકાવા કરે, તોય તે જવન[૧૦]-કેડે સંચરે. ૪
હાથ ફેરવે તેથકે મનમાંહી, હેતુ[૧૧] જાણે તેહને;
પણ સૂનીને[૧૨] મન વાત અલગી, તે ભારેં ભાલે[૧૩] દેહને. ૫
અલંગા આશય[૧૪] બેઉતણા, લોભે ભાગ્યો અજ[૧૫] હલે[૧૬];
તે યવન જાણે ભક્ષ કરૂં, જો ઘણેરૂં વપુએ[૧૭] વલે[૧૮]. ૬
પછે ચરણ ઊંચે અધો[૧૯] મુખે, નેટ[૨૦] તે રાખે સરે[૨૧];
માયા કેરી રીત એહવી, અંતે જીવને એમ કરે. ૭
વિષે[૨૨] દેખાડે વિશ્વના, ચિત્રવિચિત્ર તે ચિત્ત ધરે[૨૩];
પછે પંડિતને પૂછે પ્રભુ[૨૪], મહાભોગ[૨૫] કેમ પામીશ સરે. ૮
ત્યારે પંડિતરૂપે બોલે માયા, કર્મની કીરત[૨૬] ઘણી;
વિત્ત[૨૭] હરીનેં વાટ દેખાડે, નાનાવિધ કહે ભણીભણી. ૯
કહે અખો રૂચિ ઉપજે, જો એહેવું પોષે જંતને[૨૮];
કર્મ ગહન હીંડો વામવા[૨૯] તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ સાહાય્ય. ૨ માયાનું. ૩ ઘેટો. ૪ અર્પણ કરવા. ૫ પ્રીતિ. ૬ ડાબો-જમણો. ૭ વિના. ૮ પછવાડે. ૯ દયાળુ વૈશ્ય. ૧૦ કસાઇની પછવાડે. ૧૧ હિતેચ્છુ. ૧૨ કસાઇને. ૧૩ જુએ. ૧૪ અભિપ્રાય. ૧૫ બકરો. ૧૬ પ્રીતિ કરે. ૧૭ શરીરે. ૧૮ પુષ્ટ થાય. ૧૯ નીચે. ૨૦ અંતે. ૨૧ સંતોષ પામે. ૨૨ વિષય. ૨૩ ધારણ કરે. ૨૪ હે પ્રભો! ૨૫ ઉંચા ભોગ. ૨૬ કીર્તિ. ૨૭ દ્રવ્ય. ૨૮ જીવને. ૨૯ નિવૃત્ત કરવા.

Gandhi Heritage Portal

## કડવું ૬-માયાથી જીવને સંસારબંધન.

### રાગ ધન્યાશ્રી.

એમ માયા વેષ નાના ધરેજી, કર્મ ધર્મના શબ્દ નાના ઓચરેજી[૧];
જીવકેરા મનને અતિઘણું આવરે[૨], તેણે પુરંજન[૩] ભવ ફેરા ફરેજી.

### પૂર્વછાયા.

ફરે ફેરા બહુ ભવવિષે, વિષયનો તાણ્યો[૪] વહે;
પ્રત્યક્ષ ભોગ દેખે ભલા, વલિ પંડિતને પોષતો રહે. ૧
કર્મનાં ફલ લખે માયા, વલિ માયા બેઠી તે કથે;
શબ્દકેરે બાંધણે[૫] ભાઈ, બાંધી જીવ રાખે જથે[૬]. ૨
અંતરમાંથી મનરૂપેં, સંકલ્પ-વિકલ્પ સુત[૭] જણે;
નિમેષ[૮]માંહે નવા નવા, જ્યમ ઇંદ્રજાળ[૯]-ગુટિકા ગણે. ૩
કર્મ-ફલ ને જીવ-કેરો, જોગ[૧૦] માયા મેલવે;
વિષય-તૃષ્ણામાંહે મૂકી, એમ જંતુને ભેડવે[૧૧]. ૪
સ્વર્ગ-ભોગ દેખાડે, વળી બીક દેખાડે નર્કની;
તે કામનાએ લાગ્યો ફરે, ભાઈ ગતિ જેવી કૂપચક્રની[૧૨]. ૫
કામ ધામ ને ધન દારા[૧૩], માત પિતા સુત બાંધવા;
વર્ણ વેષ ને રૂપ મુદ્રા, નમણ ઠમણ દેવ વંદવા. ૬
ચાલ્ય ચાતુરી ચૌદ વિદ્યા, અવિદ્યા સર્વ સાધના[૧૪];
પંડિત કવિ ને ગુણિ જાણ દાતા, સર્વ માયાકેરિ આરાધના. ૭

૧ બોલે. ૨ ઢાંકે. ૩ જીવ. ૪ ખેંચ્યો. ૫ બંધને. ૬ એકત્ર. ૭ પુત્ર. ૮ આંખ વીંચવા જેટલા સમયમાં. ૯ ઇંદ્રજાળની ગોળીઓ. ૧૦ સંબંધ. ૧૧ ક્લેશ થાય એવી રીતે મેળવે છે. ૧૨ કૂવાના પૈડાની. ૧૩ સ્ત્રી. ૧૪ એ સર્વ અજ્ઞાનની ઉપાસના છે.

Gandhi Heritage Portal

રમે રમાડે આપ માયા, નીચો ઊંચો લઇ ચડે;
જેમ મર્કટ હીંડે માગતો, પેલા ભિક્ષુક કેડેં રડવડેં. ૮
એમ ભમે બહુ ભવવિષે, પણ ભેદ કોયે લહે નહી;
દોરિ સંચારો માંહિં માયાતણો, ભૂલવણ મોટી એ સહી. ૯
કહે અખો સહુકો સુણો, તમે જુઓ અંતરના તંતને[1];
એ જાળમાંહેથી તોજ નીસરો, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૭—માયાથી બ્રહ્માંડની ઉત્પત્તિ.

### રાગ ધન્યાશ્રી.

માયા મોટી[2] જગમાંહે નટીજી,
તે આગળ કોઇ ન શકે ખટીજી[3];
હરિહર અજથી આગલ વટીજી[4],
સમઝી ન જાયે એવી માયા અટપટીજી. ૧

### પૂર્વછાયા.

સમઝી ન જાય એવી માયા, દીસે નહી ને બલવતી;
ચૌદ લોકની આદિ માતા, ૐકારથી પહેલી હતી. ૧
ત્રિગુણ પહેલી શૂન્ય-સ્વામિની[5], તેણેં ગુણ જનમી ઉભા કર્યા;
પછે જનની થૈ ચોષિતા[6], બલ પોષિ પોતે વર્યા. ૨
ચિદ્દશક્તિ[7] ચતુરા ચરાચર, ગુણસાથે ભજે વલી;
દેવ દાનવ નાગ માનવ, રમે રમાડે એકલી. ૩
ઉર્ણનાભ[8] જેમ ઊર્ણા[9] મૂકી, તે મૂકીને પાછી ભખે;
તેમ માયા ચિદ્દશક્તિ માટે, મોહોટું સામર્થ્ય એ વિષે. ૪

---

૧ તત્ત્વને. ૨ નાચ કરનારી. ૩ જય પામી શકે. ૪ ગઇ છે.
૫ માયા. ૬ સ્ત્રી. ૭ ચૈતન્યની શક્તિ. ૮ કરોળીઓ. ૯ લાળ.

Gandhi Heritage Portal

ત્રિગુણ થઇ ચોવીશ રૂપેં, તેહનો ભેદ કહૂં કથી;
જ્યમ જલ જમાય[1] શીતયોગે, તેહને જડતા પ્રગટે માહેંથી. ૫
સત્ત્વ રજ તમ રૂપે થઇ માયા, પછે એકએકના બહુ થયા;
પંચભૂત ને પંચમાત્રા[2], તામસના નિપજી રહ્યા. ૬
રાજસનાં ઈંદ્રિ દશે, અને દશે તેના દેવતા;
ઈંદ્રિયેં ઇંદ્રિયેં તે વશ્યા, આપ આપણું સ્થલ સેવતા. ૭
મન બુદ્ધિ ચિત્ત અહંકાર જે, તે સત્ત્વગુણથી ઉપના;
એ સૃષ્ટિનાં ચોવીશ કારણ, માયા-સમલિત[4] રૂપના. ૮
પ્રકૃતિ તે પંચવીશમી, પરિવાર સર્વ તેહેનો કહ્યો;
પણ છવીશમો પરમાતમા, તે યથારથ જ્યમ-ત્યમ[3] રહ્યો. ૯
કહે અખો સહુ કો સુણો, એ કહ્યું છે ધીમંતને[5];
એ સમજે તો કામ સરે નરનું, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૮-માયાથી ઉત્પત્તિ ને નાશ.

### રાગ ધન્યાશ્રી.

એણે[6] અનુક્રમેં જગતનેં જાણીયેંજી, ત્રણભુવનમાંહે માયા પ્રમાણીયેંજી[7];
સ્થૂલ સૂક્ષ્મ જે કહ્યું જાય વાણીયેંજી, તેટલું સર્વે માયા વખાણીયેંજી. ૧

### પૂર્વછાયા.

માયા વખાણીએ માટ એણે, દૃષ્ટ્ય પદારથ જેટલો;
દૃષ્ટ્ય પદારથ જે જે કહાવે, પાછો વણસશે[8] તેટલો. ૧
ઉપનું તે અલપાય[9] નિશ્ચે, બ્રહ્મા-આદે[10] કીટ[11] જે;

---

૧ જામી જાય. ૨ શબ્દાદિ પાંચ તન્માત્રા. ૩ માયાથી મળેલા.
૪ જેમનો તેમ-સર્વદા એક રૂપ. ૫ બુદ્ધિમાનને. ૬ આવે. ૭ નક્કી કરીએ. ૮ વિનાશ પામશે. ૯ નાશ પામે. ૧૦ બ્રહ્માથી માંડીને. ૧૧ કીડા સુધી.

Gandhi Heritage Portal

જે જાયું[1] તે જાય જાણો, અમર સંશય મેટજે[2]. ૨
અમર દાનવ ધ્રુવ તારા, ચંદ્ર સૂરજ જાએ વલે;
જાય જોગ અષ્ટાંગ સિદ્ધ સાધક, તો પ્રાકૃત[3] જીવ કેટલે ભલે. ૩
લીલા-વપુ[4] જો ધરે નિર્ગુણ, તોય નેટ પાછો વલે;
કાલ માયાનું નાટક એહવું, જે ઉપજાવી અહર્નિશ ગલે. ૪
જેમ કરસણી[5] ઉછેરે કરસણ[6], તે કાચું પાકું સર્વ ભખે;
તેમ જગત કરસણ કાલ માયાનું, તે ન મૂકે ખાધા પખેં[7]. ૫
જેમ મેઘનાં બિંદુ નાનાં મોટાં, રેલાઇ પૃથ્વીએ પડ્યા;
તેમ માયાને મન સહુજ સરખું, જો પ્રાય[8] પોતાના ઘડ્યા. ૬
જેમ અર્ણવ[9] ન જાયે ઉછલી, નવસેં નવાણું નદી ભલે;
સિંધુ થયો સરિતા[10] સરૂપે, તે માટે આધિ[11] ગલે. ૭
તેમ માયાનું આ જગત નિરમ્યું, કાલ યોગે સર્વથા;
પરમાત્મા તે વતરેક કારણ, તેની કહ્યામાં નાવે કથા. ૮
માહાલે માયા અનંત રૂપે, પણ અપત્યને[12] ભાસે ભલી;
જેમ બાલકીનાં ઢીંગોલીયાં, રમે રમાડે એકલી. ૯
કહે અખો સઉકો સુણો, જો આણો માયાના અંતનેં;
તો અપોપું[13] ઓલખો, જો સેવો હરિ-ગુરૂ-સંતનેં. ૧૦

## પદ ૨-બંધનથી છુટવા સારૂ સદ્‌ગુરૂનું ઉપાસન.

### રાગ આશાવરી.

માયા પીડતી જાણી પરબ્રહ્મને આરાધીયેં,
સાધીયેં[14] સ્વામીનેં ચિત્તપૂરે;

---

ઉપજ્યું. ૨ દૂર કરજે. ૩ સાધારણ. ૪ વિનોદથી ધરેલું શરીર. ૫ ખેડુત. ૬ અનાજના છોડ. ૭ વિના. ૮ બહુધા. ૯ સમુદ્ર. ૧૦ નદી. ૧૧ સર્વ. ૧૨ માયાના પુત્રને. ૧૩ આત્મસ્વરૂપને. ૧૪ સેવીએ.

Gandhi Heritage Portal

સદ્‌ગુરૂ કેરાં ચરણ આદર કરી,
માર્ગ ઝાલીયે મન સૂરેં. મા૦ ૧
મન કર્મ વચને ગુરૂ તે ગોવિંદ ખરા,
ભિન્ન ન જાણીયે ભાવ બીજે;
જાત ને અધ્યયન[1] આશ્રમતણું,
માન મૂકી બ્રહ્મદ્રવ્ય પીજેં. મા૦ ૨
જેમ અગ્નિસંગે શીત વ્યાપે નહી,
જ્યોતિ દેખાડે ને તિમિર[2] ત્રાસે[3];
તેમ ગુરૂ પ્રતાપે પરબ્રહ્મ ભેટીયેં,
માયારૂપીયુ ગેહેન[4] નાશે. મા૦ ૩
જ્યમ કાષ્ઠ આવીપડે વહ્નિ-જ્વાલાવિષેં[5],
તે દારૂ[6] ફીટીને અનલ[7] થાયેં;
તેમ અનન્ય આરાધના[8] જે કો કરશે અખા,
તેહનાં માયા ફરી ચરણ સહાયે[9]. મા૦ ૪

## કડવું ૯.-વૈરાગ્યાર્ત્તિ તીવ્રતાનું રૂપ.

### રાગ ધન્યાશ્રી.

નરને ઉપજે દૃઢ વૈરાગજી, આરત્ય[10] કેરી મનવિષે આગ્યજી[11];
તેહેના ટલે દ્વેષ ને રાગજી, નહી આતુરતા કહેવા લાગજી. ૧

### પૂર્વછાયા.

આતુરતા મન અતિઘણી, જેમ મીન વિછર્યું[12] નીરથી;
અજ્ઞાન શિંચાણો[13] લેઇ ચઢયો, તેણે દૂર નાખ્યું તીરથી. ૧

---

૧ વિદ્યા. ૨ અંધકાર. ૩ ભય પામે. ૪ ઘેન-મૂર્છા જેવી સ્થિતિ. ૫ અગ્નિની ઝાળમાં. ૬ લાકડું. ૭ અગ્નિ. ૮ અનન્ય ઉપાસના. ૯ પકડે. ૧૦ પરમાત્માની શીઘ્ર પ્રાપ્તિની ઇચ્છા. ૧૧ અગ્નિ. ૧૨ જુદું પડયું. ૧૩ સકરો.

Gandhi Heritage Portal

તડફડે તલપે અતિઘણૂં, વિરહ-સૂરજ શિર તપે;
સંસારરૂપી ભૂમિ તાતી[1], નીર નીર અહોનિશ[2] જપે. ૨
કાલ શિંચાણો શિર ભમે, તે તેહની દૃષ્ટે[3] પડે;
નીર-વોહોણૂં[4] વપુ દાઝે, ઝાલ લાગે ને તડફડે. ૩
નયણેં તે નીર દેખે નહીં, કળકળે કાલજ બળે;
પેટ પૂંઠે પાસુ[5] વાલે, જેમ પડે તેમ દાઝે જળે. ૪
કામધેનુના પૃયવિષે[6], જો કોઇ મૂકે તેહનેં;
તોયે આપદા ન ટળે મકરનેં[7], વારી વાહાલું જેહનેં. ૫
વૈરાગ ઘણ[8] ઉપનો શરીરે, તેણે કાલજ કોર્યું માંહેથી;
વ્રેહેતણો તાપ તપે તનમાં, તે નર જીવે ક્યાંહેથી. ૬
નાનાવિધનાં ભક્ષ ભોજન, તેને દીઠાં નવ ગમે;
સંસારરૂપી ભૂખ ભાગી, ઉભા થાતાં તન ભમે. ૭
નિર્વેદ[9] ઉપનો નરવિષે, તે જીવપણે જીવે નહીં;
તે મરી જીવે મનવડેં, જેમ કીટ ભમરી હોયે સહી. ૮
જેમ ઉધઇ ખાયે કાષ્ઠનેં, તેનું કૃષ્ણાગર[10] થૈ પરવરે;
તેમ વિરહ વૈરાગ્ય જેહનેં ભખે, તે નર હરિ થાએ સરે. ૯
કહે અખો સહુકો સુણો, નિર્વેદ ટાલે જંતનેં;
જે નરને ઉપજે ચેતના[11], તે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ તપેલી. ૨ રાત દિવસ. ૩ નજરે. ૪ પાણી વિના. ૫ પડખું. ૬ દૂધમાં. ૭ માછલાને. ૮ લાકડામાં થનારો કીડો. ૯ વૈરાગ્ય. ૧૦ કાળો અગર. ૪. સમજ.

Gandhi Heritage Portal

## કડવું ૧૦–ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું મહાત્મ્ય.

### રાગ ધન્યાશ્રી.

વિરહ વૈરાગે જેહનું મન તપેજી, તે રૂંરૂંમાંહે હરિ હરિ જપેજી;
સદ્‌ગુરૂ ચરણે આપોપું[1] અરપેજી, પરબ્રહ્મ રહે ને પોતેં ખપેજી.[2] ૧

### પૂર્વછાયા.

પરબ્રહ્મ રહેને પોતેં ખપે, તેહેનો ભેદ કહું તે સુણો;
તે વચન માને ગુરૂતણું, ભાવ ભરોંસો અતિઘણો. ૧
ગુરૂ કહે રામ રમે સકલમાં, સર્વાવાસ[3] સ્વામી ભર્યો;
એવું સાંભલતાં મહાવચન માન્યું, અને ભક્તિઉપર આદર કર્યો. ૨
તે હરિ હરિ દેખે સકલમાં, જેહનેં જીવ જીવકરી દેખતો;
હરિ જાણી હેત કરે સકલમાં, પહેલાં જે ઉવેખતો[4]. ૩
હરિ જાણેથકે ભક્તિ થાએ, તેજ ભક્તિ જાણો ખરી;
અજાણે જે આચરે, તેને દ્રોહ થાએ પાછો ફરી. ૪
સદ્‌ગુરૂનાં વચન સુણીનેં, ભક્તિ જેહને ઉપજે;
અચિરકાલે[5] તે પામે આત્મા, સદ્‌ગુરૂ વચને જો ભજે. ૫
ભાઈ ભક્તિ જેહવી પંખણી, જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;
ચિદાકાશમાંહે[6] તેજ ઉડે, જેનેં સદ્‌ગુરૂરૂપી આંખ્ય છે. ૬
દેખે નેત્ર પરબ્રહ્મનાં, પરબ્રહ્મના કર્ણ માત્ર;
પાદપાણી પરબ્રહ્મનાં, પરબ્રહ્મ દાતા નેં પાત્ર. ૭
જલે પરબ્રહ્મ સ્થલે પરબ્રહ્મ, સ્વર્ગ મૃત્યુ પાતાલ;
ગિરિ ગહ્‌વર[7] વન વાટિકા, પરબ્રહ્મ જાલ[8] ને માલ[9]. ૮

---

૧ હુંપણું. ૨ બાધ પામે. ૩ સર્વ સ્થાનમાં. ૪ ઉપેક્ષા કરતો. ૫ થોડાં કાળમાં. ૬ ચૈતન્યરૂપ આકાશમાં. ૭ ગુફા. ૮–૯ અગ્નિની જવાળાની પંક્તિ.

Gandhi Heritage Portal

પરબ્રહ્મવિના નહિ ઠામ ઠાલું, એમ દેખે ભરપૂર;
જિહાં તિહાં દેખે હરિ ભાઇ, જેનાં પડળ[1] થયાં દૂર. ૯
કહે અખો સહુકો સુણો, ભક્તિ આવીને જંતનેં;
એવા શુદ્ધ ભજનનેં પામવા, તમે સેવો હરિ-ગુરૂ-સંતને ૧૦

## કડવું ૧૧–સર્વાત્મભાવ તેજ પ્રેમલક્ષણા ભક્તિ.

### રાગ ધન્યાશ્રી.

વળી વળી કહું છું ભક્તિ વિશેષજી, જેહ ન દેખે હરિવિના શેષજી;
પેખે સઘળા હરિના વેષજી, તે જન ન કરે કેહેનો ઉવેખજી. ૧

### પૂર્વછાયા.

ઉવેખ ન કરે કોયનો, આત્મા વિલસી રહ્યો;
જેહને શ્રીભાગવત ગાયે, ગીતા ઉપનીષદે જે કહ્યો. ૧
ભાઇ ભક્ત તે જે એમ જાણે, જાણીને હૃદયે ધરે;
સ્વામી માહરો રહ્યો સઘળે, અહર્નિશ ચિંતન એમ કરે. ૨
ભુવન ત્રણયમાં રહ્યો પૂરી, પૂરણ સ્વે[2] પરમાતમા;
પોતે તો પીયુજી નિરંતર, પણ ભેદ દેખે ભાતમાં[3]. ૩
માહરો રામ રમે છે સર્વવિષે, એમ હેતે હીસે[4] મન;
હરિ કહે એ સાંભલે હરિ, હરિને સોંપે તન. ૪
નિત્ય રાસ નારાયણુનો, દેખે તે અનંત અપાર;
જિહાં જેવો તિહાં તેહવો, નારાયણ નર નાર. ૫
ગદગદ કંઠ ગાતે થકે, રોમાંચિત હોયે ગાત્ર;
હર્ષ આંશુ બહુ હેત હૃદય, પ્રેમકેરૂં તે પાત્ર. ૬
ખાતો પીતો બોલતો, દેખતો તે સઘલે રામ;

૧ અજ્ઞાનરૂપ પડદો. ૨ પોતે. ૩ નામરૂપમાં. ૪ પ્રસન્ન થાય.

Gandhi Heritage Portal

વેધ્યું[1] મન રહે તેહનું, શીથલ સંસારી કામ. શિથિલ ૭
નવનીત[2] સરખું હૃદે કોમલ, કહ્યું ન જાયે હેત;
આંખમાંહે અમૃત ભરિયું, હરિભક્તિકેરૂં ક્ષેત્ર. ૮
જેમ જારે[3] લુબધી[4] યુવતી[5], તેનું મન રહે પ્રિતમપાસ;
અહર્નિશ રહે આલોચતી[6], ભાઇ એહવું મન હરિદાસ. ૯
કહે અખો સહુકો સુણો, હરિલક્ષ લાગ્યો ચિંતનેં[7];
મનન તેહને માહાવનું[8], તે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૨-સર્વાત્મભાવ જ્ઞાનતુર્ય પદ.

### રાગ ધન્યાશ્રી.

ઉદય ઉજાલો[9] દે જેમ ચંદ્રમાજી,
કિરણ તેહનાં પસરે વન વિથિ[10] મંદિરમાંજી;
તેમ સરખો આત્મા ભાસે કીટ ઇંદ્રમાંજી,
એહવો પ્રકટયો હૃદય કંદ્રમાંજી[11]. ૧

### પૂર્વછાયા.

હૃદે ગુહામાં રામ પ્રગટયા, તેણે પાલટો[12] મનનો થયો;
માયાનેં ઠામે બ્રહ્મ ભાસે, સંસારનો સંભવ ગયો. ૧
જેમ રવિને તેજે ઓગલે, પાલો[13] તે પાણી થૈ વહેં;
તેમ જેહનેં પ્રગટે આતમા, તે માયાદોષ સહેજે દહે. ૨
ભાઈ માયાનું બલ તિહાં લગેં, જિહાં આતમા જાણ્યો નહીં;
જેમ ગત યૌવન થઇ યુવતી, તે પ્રસવલગિ વાધી રહી. ૩

---

૧ વિંધાયેલું. ૨ માંખણ જેવું. ૩ ઉપપતિમાં. ૪ અત્યન્ત પ્રીતિવાળી થઇ. ૫ સ્ત્રી. ૬ જોતી. ૭ ચિત્તને. ૮ પરમાત્માનું. ૯ અજવાળું. ૧૦ શેરી. ૧૧ હૃદયરૂપ ગુફામાં. ૧૨ બદલાવું. ૧૩ બરફ.



Gandhi Heritage Portal

જેમ ગોરસમાંથી[1] આજ્ય[2] કાઢે, તે જેમ તક્ર[3] થયું દહીં;
આત્મા જાણે એમ માયા, વિચારે દીસે નહીં. ૪
ભાઇ કર્મ ગહન તે તિહાં લગેં, જિહા સદ્‌વિચાર નથી ઉપનો;
નવનીત ત્યાં લગે વણસતૂં[4], જિહાં ભેદ ન જાણ્યો તૂપનો[5]. ૫
તાવ્યૂં માંખણ ઘૃત[6] થયું, પછી તે વણસે નહિં કિમે[7];
તેમ આતમા જાણે નોહે પરાભવ, અણજાગે માયા દમે[8]. ૬
અંધારૂં દુઃખ દે ઘણું, [9]અર્કવિહોણું જેમ ચક્ષુનેં;
તેમ આત્મા ઉદયે ગહન પલાયેં[10], માયા દમે નહીં પુરૂષનેં. ૭
નિદ્રાવાનને સ્વપ્ન હોયે, ભોગ નાના ભોગવે;
અણછતા[11] આણી તે કરે ઉભા, ગહન માયા જોગવે[12]. ૮
જાગ્યો ત્યાં થઈ ચેતના, નિદ્રાસાથે સર્વ પલ્યું[13];
ત્યમ તુરીયાવડે[14] તિમિર[15] ત્રાસે, ચિત્ત ચમક્યું હું તું તે ટલ્યું[16]. ૯
કહે અખો સહુકો સુણો, જેમ દારિદ્રય નથી શ્રીમંતનેં;
જો મહાધન હીંડો પામવા, તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## પદ ૩–સદ્‌ગુરૂની કૃપાથીજ જ્ઞાનની પ્રાપ્તિ થાય.

### રાગ રામગ્રી.

જે ગુરૂભેવ[17] પામ્યો ગુરૂભેવ પામ્યો, તે નર માયાનું જાલ વામ્યો. ધ્રુ૦
જેમ પારસ પરસે જઇ ધાતુને, આપ ટલીને થાય સોનું;
તેમ ગુરૂ પારસવડે નર નીપના, કારણ પ્રીછું જેણે ગુરૂનું. ગુરૂ૦

૧ દહીંમાંથી. ૨ ઘી. ૩ છાશ. ૪ વિનાશ પામતું. ૫ ઘીનો. ૬ ઘી. ૭ કોઈ પ્રકારે. ૮ દુઃખ દે. ૯ સૂર્યવિના. ૧૦ ભાગી જાય. ૧૧ ખોટા. ૧૨ સંબંધથી. ૧૩ દૂર થયું. ૧૪ બ્રહ્મને જાણનારી અંતઃકરણની અવસ્થા વડે. ૧૫ અજ્ઞાન. ૧૬ ટળી ગયું. ૧૭ ગુરુએ આપેલું જ્ઞાન.

Gandhi Heritage Portal

શબ્દરૂપી વંટોલ છે વાયુના, તેમાં પડ્યાથકા જીવ [૧]ભરમે;
રાજસ-તામસતણી રજ પૂડે આંખમાં,સદ્ગુરૂ-બોલ તે દૂર વિરમે[૨].
આપવિના ઉદ્દેશ[૩] કહેનો કરે, જો ઇશ [૪]અજાતણો માંહે દીઠો;
સદ્ગુરૂ-કલા તે નાવે કહ્યાવિષે, મુખવિના સ્વાદ કહે ખાટો કે મીઠો.
જાણે કોઇ જન જે આપ[૫] ટાલી રમે, પ્રેમે પ્રીછે જે વાત ગુરૂની;
જે જેમ તે તેમ લહેજ અખા, જો પરનાલિકા[૬] પ્રીછે [૭]ઘરની. ગુરૂ૦

## કડવું ૧૩-જીવન્મુક્તની દશા-૧.

### રાગ ધન્યાશ્રી.

જે નર સમજ્યા તેણે તાં એમ લહ્યુંજી,આપવિષેથી [૮]આપોપું ગયુંજી;
બ્રહ્મઅગ્નિમાંહે તે દ્વૈત સર્વે દહ્યુંજી, મરમ સમજ્યાથી હુંતું તેમ થયુંજી[૯].

### પૂર્વછાયા.

થયું તેમ જેમ હુંતું આગે, જાણણહારો[૧૦] જાણિયો;
જે ૐકારની આદ્ય[૧૧] હતો, વાલ વેદ પુરાણે વખાણિયો. ૧
ક્યારે દેખે ધ્યેય[૧૨] ને ધ્યાતા[૧૩], ક્યારે ધ્યેય રહેને ધ્યાતા ટલે;
તટસ્થ ઉપનું જ્ઞાન જેહને, એમ સુરત[૧૪] ચલે વલે.
ત્યારે ઈંદ્રિ-આરામ[૧૫] વરતે, ક્યારે [૧૬]વર્ત્તવોણી સુર્ત્યે[૧૭] છે;
તટસ્થકેરૂં[૧૮] એજ લક્ષણ, જ્ઞાનકેરી તે મૂર્ત્ય[૧૯] છે. ૩

---

૧ ભ્રાંતિને વશ થાય. ૨ મૂકી દે. ૩ કથન. ૪ માયાનો. ૫ હુંપણું. ૬ માર્ગ. ૭ આત્મસ્વરૂપની. ૮ હુંપણું. ૯ પ્રથમ બ્રહ્મસ્વરૂપ હતું તેમ થયું. ૧૦ જાણનાર. ૧૧ પ્રથમ. ૧૨ ધ્યાન કરવા યોગ્ય વસ્તુ-બ્રહ્મ. ૧૩ ધ્યાન કરનાર. ૧૪ મનોવૃત્તિ. ૧૫ ઈંદ્રિયોમાં પ્રીતિવાળી. ૧૬ બાહ્યવૃત્તિવિના. ૧૭ આત્માકારવૃત્તિ. ૧૮ બ્રહ્મ તથા સંસારને જાણનાર જ્ઞાનીનું. ૧૯ મૂર્તિ.

Gandhi Heritage Portal

જીવન્મુક્ત તેહજ કહાવે, જેહને એહ વૃત્તિ ઉપની;
આકાશવત્ તે રહે સદા, કયારેક સ્થિતિ તે રૂપની. ૪
જેમ મહાજલમાંહિલો મકર મોટો, [1]અંબુ–મધ્ય આઘો રહે;
ઊંચો આવી અલ્પ વરતે, વળિ મહાનિધિ[2] જાતો રહે. ૫
જીવન્મુક્ત તે યોગીશ્વર, એમ વર્ત્તે દેહવિષે;
જેમ નાગને અંગ જરા[3] પાકી, અલગી થઇ રહી [4]નખશિખે. ૬
તે ચલણ–વલણ કરે ખરી, પણ અંગથી એકતા ટળી;
તેમ જીવન્મુક્તને દેહ જાણો, જેમ, [5]ભૂયંગને કાંચળી. ૭
ઉપની તે સહજમાંહે, અનઆયાસે અંગથી;
જ્યારે [6]વિરમીને થયો વેગળો, ત્યારે ભિન્ન દીઠી ભૂજંગથી. ૮
એમ જીવન્મુક્તને જાણજો, ભાઈ દેહનો જે સંગ;
છે ને છે ને નથી સરખી, જેમ દ્રષ્ટાન્ત ફણંગ[7]. ૯
કહે અખો સહુકો સુણો, એમ જાણો જીવન્મુક્તને;
એ દશાને હીંડો પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

## કડવું ૧૪–જીવન્મુક્તની દશા–૨.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું સાચા સંત સુજાણજી, જેહને ઉદયો અંતર [8]ભાણજી;
હરિને બોલે જેહની વાણજી[9], જે ઘટ ઉઘડી [10]વસ્તુની ખાણજી.૧

### પૂર્વછાયા.

ખાણ ઉઘડી વસ્તુકેરી, તેણે ન્યૂનતા સઘળી ટળી;
અંતર માંહેલો આશય મોટો, તેણે વસ્તુમાંહે જઈ રહે મળી. ૧
જેમ અગ્નિમાંહે લોહ પેઠું, તે લોહમાં અગ્નિ આવિયો;
ત્યારે શિવ શિવ થયું સર્વે, જયારે શિવમાં જીવ સમાવિયો. ૨

૧ પાણીમાં. ૨ ઉંડા પાણીમાં. ૩ વૃદ્ધાવસ્થા. ૪ નખથી શિખા સુધી–મુખથી પુંછડી સુધી. ૫ સાપને. ૬ મૂકી દઈને. ૭ સાપ. ૮ જ્ઞાનરૂપ સૂર્ય. ૯ વાણી. ૧૦ બ્રહ્મરૂપ વસ્તુની.

Gandhi Heritage Portal

ભાઇ છતે અણછતો થઈ રહે, કોઈક જાણે વિરલા સંત;
[૧]આપાપરવિના પ્રીછ[૨] અલગી, તે મહાનુભાવ મહંત. ૩
ભૌતિક ભાવના ટળી તેહને, ભાસ્યું ચિદ્‌આકાશ[૩];
શોધ ન પામે મીન[૪] જેમ, તેહને નીરમધ્ય આકાશ. ૪
નેત્ર ઉઘાડે ને ગતિ કરે, ભરે તે શ્વાસોશ્વાસ;
તેને નીર પ્રીટીને નભ[૫] થયું, જે આપ રહે અવકાશ. ૫
જેમ [૬]હિમના પરવતવિષે, મુષક[૭] ચાલે મધ્ય;
તેણે ખણ્યા વોહોણી ખાણ થાય, એહવી ઉષ્ણતાની સિધ્ય. ૬
અદ્રિમાં[૮] આકાશ તેહને, મહા કલા મુષકવિષે;
તેમ ભૌતિક ભાવના તિહાં નહી, જે અણલિંગી[૯] આતમ લખે. ૭
ભાઇ લિંગ તિહાં લેખાં ઘણાં, અણલિંગે લેખું કશું;
એ સહજ[૧૦]-કેરી સાધના, સમઝે તે દેખે અશું[૧૧]. ૮
ભાઈ તત્ત્વદર્શી તત્ત્વમાંહે, દેખે સર્વ સમાસ;
જેમ અરૂપમાંથી રૂપ બંધાએ, પાછું અરૂપ થાય બરાસ[૧૨]. ૯
કહે અખો સહુકો સુણો, એવી અકલ કળા મહંતને;
એ પદને હીંડો પામવા, તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૫-જીવન્મુક્તનો મહિમા-૧.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું જીવન્મુક્ત દશાયજી, નિશ્ચે જેનો પરવત-પ્રાયજી[૧૩];
જેણે પ્રિછ્યો વસ્તુ મહિમાયજી, તે અનુભવતાં પાછો[૧૪] ન થાયજી.

૧ હું ને અન્યવિના. ૨ જાણ-સમજ. ૩ ચૈતન્યરૂપ આકાશ. ૪ માછલું. ૫ આકાશ. ૬ બરફના. ૭ ઉંદર. ૮ પર્વતમાં. ૯ ત્રણ લિંગથી રહિત. ૧૦ સ્વાભાવિકની. ૧૧ આવું. ૧૨ કપૂર. ૧૩ પર્વતના જેવો. ૧૪ પુનર્જન્મ ન પામે.

Gandhi Heritage Portal

## પૂર્વછાયા.

અનુભવ જે મોટાતણો, આપાપર નહી જે વિષે;
આપ ગળીચું આપ માંહે, દ્વંદ્વાતીત[1] રહ્યા સુખે. ૧
તેહની કલાં પ્રિછી નવ પડે, મતો[2] તે અગમ અગાધ;
વારિધિ-કેરાં[3] વારિ[4] જેમ, ભાઈ નહિ તરવા સાધ્ય[5]. ૨
જેમ સૂર્ય તપે નિદાઘનો[6], તોએ તે ઉષ્ણ ન થાય;
તેમ તત્ત્વદર્શી પુરૂષને, દોષ ન લાગે કાંય. ૩
જેમ વાયુ વહે બહુ ગંધને, ઉત્તમ અધમ અપાર;
પણ રહે અસંગી તે થકો, સ્પર્શે નહિ લગાર. ૪
તત્ત્વદર્શી પુરૂષને, એમ જાણો દેહભાવ;
વહે પણ વળગે નહીં, જે જાણે સહજ-સ્વભાવ[7]. ૫
જેમ વિચિત્ર ભાતિના રંગ મૂકિયે, સ્ફટિકમણિની પાસ;
તે ભળ્યા સરખા ભાવ દેખાડે, પણ આપ રહે ઉદાસ. ૬
જેમ ચશ્માના પડવિષે, રોધ[8] ન પામે દષ્ટ[9];
તેજ અધિક પોષે આંખને, તેમ અણુલિંગી ઉત્કૃષ્ટ. ૭
તેમ અનુભવી પુરૂષને, આપોપું[10] અંતર નથી;
અમલ[11] આશય[12] તેહનો, ભાઈ ભાગી ઉર્મિ[13] ઉરથી. ૮
સંગીને સિદ્ધાંત પોખે[14], પ્રેમેશું પાવન[15] કરે;
ઉપદેશ આપે આત્મવિદ્યા, સેહેજ[16] શબ્દ તે ઉચરે. ૯

૧ સુખદુઃખાદિરૂપ જોડકાથી પર. ૨ અભિપ્રાય. ૩ મહાસાગરનું. ૪ પાણી. ૫ શક્ય. ૬ ઊનાળાનો. ૭ સ્વાભાવિક સ્વભાવ. ૮ રૂંધાય નહિ. ૯ દૃષ્ટિ. ૧૦ હુંપણું. ૧૧ નિર્મળ. ૧૨ અભિપ્રાય. ૧૩ સુખ-દુઃખાદિરૂપ તરંગ. ૧૪ આપે. ૧૫ પવિત્ર. ૧૬ સ્વાભાવિક.

Gandhi Heritage Portal

કહે અખો સહુને વિષે, માન ન હોય મહંતને[1];
એ ઉત્કૃષ્ટ દશાને તેજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

## કડવું ૧૬-જીવન્મુક્તનો મહિમા-૨.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું તત્ત્વદર્શી પુરૂષજી, સેહેજ સ્વભાવે જેવા કલ્પવૃક્ષજી;
જેહને અહંતા ગયો [2]અમર્ષજી, [3]કલ્પાંતકાળે સદા સન્મુખજી.

### પૂર્વછાયા.

સન્મુખ રહે કલ્પાંતકાળે, મહાપુરૂષ મોટી દશા;
તે અન્ય દેહની પરે જાણે, જે માંહે પોતે વશ્યા. ૧
પોતાનો દેહ આદ્ય દેઈને, મિથ્યા દેખે સર્વને;
ચૈતન્ય તો સઘળેજ સરખું, તો કોણ ધરે દેહગર્વને[4]. ૨
કીટ પતંગ બ્રહ્માલગે, પૂરણ દેખે આતમા;
દૃષ્ટતત્ત્વ[5] ઉપનું જ્ઞાન જેહને, તે ભૂલો ન પડે ભ્રાંત્યમાં[6]. ૩
જન્મઅંધ જેમ રૂપને, જાણે નહિ નિરધાર;
અધ્યાસ[7] નહિ તેહને દેહ વિષે, સુણે શબ્દના ભણકાર[8]. ૪
તેમ જ્ઞાતાને પિંડજ નહિ, નહિ ત્યાં પર ને આપ;
દેહદર્શી[9] જે હોય ભાઈ, તેહને તો પુન્ય ને પાપ. ૫
જેમ અંજનવિદ્યા[10] હોય જે કને, તે જ્યાં ત્યાં દેખે ધન;
વિદ્યાવિના ઘર-મધ્ય દાટયું, ન જાણે કો જન. ૬
ધનદર્શી જેમ ધન દેખે, પણ મધ્ય ન દેખે ભોમ્ય;

---

૧ મહાત્માને. ૨ ઈર્ષ્યા. ૩ બ્રહ્માના દિવસના અંતસમયમાં. ૪ શરીરના અભિમાનને. ૫ આત્મતત્ત્વનું. ૬ નામરૂપમાં. ૭ એકપણાની ભ્રાંતિ. ૮ ભણકારા-ગુપ્તઅવાજ. ૯ દેહનેજ જોનારો. ૧૦ સિદ્ધાંજનની વિદ્યા.

Gandhi Heritage Portal

આવરણ[૧] છે પણ આડ્ય ન કરે, તેને સાવ[૨] નિરંતર વ્યોમ[૩]. ૭
તેમ મહાકળા છે મહાપુરૂષને, અણુલિંગી અભ્યાસ;
સ્થૂલતા દર્શન-શરીરે[૪], સેહેજે થયો સમાસ. ૮
દેહઅધ્યાસે દોષ સઘળા, દેહ તેજ સંસાર;
દેહ તેને સર્વ સાચું, પાપ પુણ્ય અવતાર. ૯
કહે અખો સહુકો સુણો, લક્ષ મોહોટો મહંતને;
જેણે મનસા વાચા કર્મણા, સેવ્યા હરિ-ગુરૂ-સંતને. ૧૦

## પદ ૪-તત્ત્વદર્શીનો મહિમા.

### રાગ કાનડો.

અકલ કલા ખેલત નર જ્ઞાની, જેસેંહી નાવ હિરે ફિરે દશેં દિશ;
ધ્રુવ તારે પર રહત નિશાની, અકલ કલા ખેલત નર જ્ઞાની. ટેક.
ચલન વલન અવનીપર વાકી, મનકી સુરત આકાશ ઠેરાની;
તત્ત્વસમાસ ભયો હે સ્વતંતર[૫], જેસેં હિમ હોત હે પાની. અ૦
છુટી આદ્ય અંત નહિ પાયો, જઇ ન સકત જહાં મન-બાની;
તા ઘર સ્થિતિ ભઈ હે જિનકી, કહી ન જાત એસી અકથ કહાની. અ૦
અજબ ખેલ અદ્‌ભુત અનુપમ, જાકું હે પહિચાન[૬] પુરાની[૭];
ગગનહીં ગેબ[૮] ભયા નર બોલે, એહી અખા જાનત કોઈ જ્ઞાની. અ૦

## કડવું ૧૭-બ્રહ્મવસ્તુ નિરૂપણ-૧.

### રાગ ધન્યાશ્રી.

વસ્તુને વાણી બોલી નવ શકેજી, મનતણી સુરત જિહાં જાતાં થકેજી;
સદ્‌ગુરૂ-કેરો જો લક્ષ આવે તકેજી[૯], તે નર [૧૦]સ્વેં હરિ થાય તેણે પલકેજી[૧૧].

૧ ઢાંકણ. ૨ બધું. ૩ આકાશ. ૪ આત્મારૂપ શરીરમાં. ૫ સ્વતંત્ર. ૬ ઓળખાણ. ૭ પ્રાચીન. ૮ લીન. ૯ સમયસર. ૧૦ પોતે. ૧૧ પળમાં.

Gandhi Heritage Portal

## પૂર્વછાયા.

હરિ થાય તે હેત સમજે, દેહાતીત છે આતમા;
પરાત્પર[૧] પરબ્રહ્મ કેવળ, તે ન આવે વાતમાં. ૧
અમલ આતમ એક પૂરણ, અખંડિત અવિનાશ;
અજર[૨] અમર અનામ[૩] અવ્યય[૪], પૂરણ જ્યોતિ-પ્રકાશ. ૨
તેને આદ્ય અંત્ય ને મધ્ય નહિ, નહિ જેહને દેશ-કાળ;
છાયા-માયા-વપુ[૫]-વર્જિત, માપરહિત વિશાળ. ૩
અધો[૬] ઊર્દ્વ[૭] મધ્ય નહિ, નહિ દિવસ ને રાત;
બાલ યૌવન વૃદ્ધ નહિ, ભાઇ તેવડે સર્વે ભાત. ૪
ત્યાં વારિ[૮] વાયુ વસુધા[૯] નહિ, નહિ અનલ[૧૦] ને આકાશ;
સર્વમાંહી ને સર્વવર્જિત, નહિ ઉત્પત્તિ નહિ નાશ. ૫
માનવ દાનવ[૧૧] દેવ પન્નગ[૧૨], નાગ નહિ નર નાર;
સર્વ કેરૂં જીવન સદા, પણ સ્પર્શે નહિ લગાર. ૬
તપ્ત[૧૩] શીતલ સુભગ[૧૪] સુંદર, કહ્યો ન જાયે તેહ;
મૂલ માપ થાપ ન થાય, નહિ પ્રેહ[૧૫] નિસ્પ્રેહ. ૭
ક્ષાર ખટરસ મધુર મોળું, તીક્ષ્ણ[૧૬] મિષ્ટ ન કહેવાય;
દીર્ઘ લઘુ કે વામ દક્ષિણ, સર્વ વર્જિત નેં માંય. ૮
નીલ[૧૭] પીત[૧૮] કે શામ[૧૯] ઉજ્જવળ, રહિત અવસ્થા ચાર[૨૦];

---

૧ માયાથી શ્રેષ્ટ. ૨ વૃદ્ધાવસ્થાથી. ૩ નામથી રહિત. ૪ વિકારથી રહિત. ૫ શરીર. ૬ નીચે. ૭ ઉપર. ૮ જળ. ૯ પૃથિવી. ૧૦ અગ્નિ. ૧૧ દૈત્ય. ૧૨ સાપ. ૧૩ તપેલો. ૧૪ સારા ભાગ્યવાળો. ૧૫ ઇચ્છાયુક્ત. ૧૬ તીખું. ૧૭ આસમાની. ૧૮ પીળો. ૧૯ કાળો. ૨૦ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ને તુરીયા.

Gandhi Heritage Portal

દૂર નિકટ[1] કે મધ્ય છેડે, થાય નહિ નિરધાર. ૯
કહે અખો સહુકો સુણો, તેનો લક્ષ મહંતને;
એ અવાચ્ય[2] વસ્તુ તેજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૮-બ્રહ્મવસ્તુ નિરૂપણ-૨.

### રાગ ધન્યાશ્રી.

જે પ્રભુ વાણીયે ન કહેવાયજી, પામણહારો સેહેજે પલાયજી[3];
અગમઅગોચર જેહને વેદ ગાયજી, અટપટો આશય સેહેજે સમજાયજી.

### પૂર્વછાયા.

સેહેજમાં સાધન લાગે, અણલિંગી અનુભવ એહવો;
વંધ્યાસુત જેમ સુખ સરાહે[4], અચવ્યો[5] રસ પીવો નવો. ૧
સુખવિના રસપાન કરવું, એહવું તે બ્રહ્મજ્ઞાન;
શ્રવણવિના તે શબ્દ સુણવો, નેત્રવોહણું[6] જેમ ધ્યાન. ૨
વસ્તુગતે[7] સેવક નહિ, અને સ્વામીને નહિ રૂપ;
ગ્રાહ્ય-ગ્રાહક-ભાવ[8] નહિ, એહવું તે ધામ અનુપ. ૩
જેહને વર્ણ વેષ ન રૂપ મુદ્રા[9], તેહતણા સર્વ રંગ;
છાયા માયા નહિ જેહને, તેહના જાણો સર્વ ઢંગ. ૪
સ્થાન માન જેહને નહિ, અકલ રૂપ અપાર;
તેવડે એ સર્વ શોભે, આપે જાણણહાર. ૫
વાણી માંહે જેહ ન આવે, તેહતણી સર્વ વાણ્ય;
નેતિ[10] નેતિ કરી સો કહીયે, તેહની જાણે સર્વ જાણ. ૬

૧ પાસે. ૨ વાણીથી ન કહેવાય એવી. ૩ દૂર થઈ જાય. ૪ વખાણે. ૫ નહિ અનુભવેલો. ૬ આંખોવિના. ૭ વસ્તુતાએ. ૮ ગ્રહણ કરવા યોગ્ય ને ગ્રહણ કરનાર એવો ભાવ. ૯ ચિહ્ન. ૧૦ આ આત્મા નહિ.

Gandhi Heritage Portal

કૂટસ્થ[1] આત્મા બ્રહ્મ કૈવલ્ય[2], તેહનો સર્વ પસાર;
જેહને વિશેષણ એકે ન લાગે, તે વિલસી રહ્યો સંસાર. ૭
જે કેહેવોએ કહેવાય નહિ, શબ્દાતીત સદાય;
અનિર્વચની વચન બોલે, તે નાવે વાણીમાંય. ૮
એ તો પ્રીછણહારવિના[3] પ્રીછવું, પદાર્થ-વોહોણી[4] જે પ્રીછ;
આપે આપનું જે નિરીક્ષણ[5], ઇચ્છા-વોણી જે ઇચ્છ. ૯
કહે અખો એ વાણ્ય-વર્જિત, નિજસ્ફુર્ણ મહંતને;
એ સમસ્યા તેણે લહી, જેણે સેવ્યા હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૯-સ્તુતિ કરતા જીવની બ્રહ્મ સાથે એકતા.

### રાગ ધન્યાશ્રી.

વસ્તુકેરૂં હારદ[6] વસ્તુજ જાણેજી, શું એ જાણીને દ્વૈત ઉર આણેજી;
અદ્વૈતનું દ્વૈત કરે કોઈ સજાણેજી[7], આપકેરૂં રૂપ તે આપ વખાણેજી.

### પૂર્વછાયા.

વખાણે વિગતે કરીને, આપે કહે આપે સુણે;
જેમ ગારૂડી[8] મોહરવિષે[9], સ્વર દીએ ને ભાષા ભણે. ૧
સ્વામીપિંડમાંહે તે જીવ ક્યાંથો[10], અને જીવને ક્યાંથો પિંડ;
એ ચલણ-વલણ ચિદ્રૂપ[11] તાહરી, આપ માંહેથી મંડ્ય. ૨
તું તે હું ને હું તે તું, ધ્યેય ધ્યાતા તું રામ;
ઉંડું વિચારી આપ નિરખે, આપે આપનાં કામ. ૩
છો કૈવલ્ય સ્વામી તમો, દિશો ઈશ્વર માયા જીવ;

---

૧ અવિકારી. ૨ માયા ને માયાનાં કાર્યોથી રહિત. ૩ જાણનાર વિના. ૪ વસ્તુ વિના. ૫ અવલોકન. ૬ યથાર્થ સ્વરૂપ. ૭ જાણે સતે. ૮ વાદી. ૯ મોરલીમાં. ૧૦ ક્યાંથી. ૧૧ ચૈતન્યરૂપ.

Gandhi Heritage Portal

એ ત્રણ પ્રકારે થાઓ તમે, પણ સ્વભાવે તમે શિવ. ૪
અણછતી અજા તમારી, અંગીકૃત-સરખી[1] અશી;
તે મધ્ય પડિયું ધામ તમારૂં, ત્યારે ઇશ્વર થઇને વિલસી. ૫
તે ઇશ્વરના ઐશ્વર્યવિષે, અનંત જીવ ઉપજે સમે[2];
ચૈતન્ય ચાલ્યું આવે તમારૂં, તેમ તેમ માયા પરવરે[3]. ૬
જેમ કાચનું મંદિર રચ્યું, નીલ પીત [4]શુભ્ર શ્યામનું;
તે ઉપર તપ્યો સૂર[5] જ્યારે, ત્યારે વિચિત્ર રૂપ થયું ધામનું. ૭
કૈવલ્ય સૂરજ તપે સદા, માયા તે મંદિર કાચ;
ઇશ્વર નામ તે તેહનું, ભાઈ જીવ થઇ માન્યું સાચ. ૮
અધિષ્ઠાન[6] તે તમે સ્વામી, તેણે એ ચાલ્યું જાય;
અણછતો જીવ હું હું કરે, પણ ભેદ ન પ્રીછે પ્રાય[7]. ૯
કહે અખો તમે નાથ નિર્ગુણ, થયા સગુણ વેષે જંતને;
એ કલા તમારી પ્રીછવા, જીવ સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૦-શિવમાં જીવનું તત્ત્વારોપણ.

### રાગ ધન્યાશ્રી.

એમ એ નાટક ચાલ્યું જાયજી, જેહના સ્વામી તમો પ્રભુ રાયજી;
કૈવલ્ય ઇશ્વર ભૌતિક રાયજી, અણછતો ઉભો મધ્યે જીવ થાયજી. ૧

### પૂર્વછાયા.

અણછતો જીવ થાય ઉભો, તે જાય હરિને જાણવા;
નરને ઓછાયો કેમ કળે, તે હીંડે બુધ્યમાં[8] આણવા. ૧
જેમ છો તેમ તમે પ્રભુજી, કાયા માયા સ્વેં આપ;
બિંબ-પ્રતિબિંબ થાયે દર્પણે, તેમ તમારો તે [9]વ્યાપ. ૨

---

૧ સ્વીકાર્યા જેવી. ૨ લય પામે. ૩ પરિણામ પામે. ૪ ધોળું. ૫ સૂર્ય. ૬ કલ્પિતનો આધાર. ૭ બહુધા. ૮ બુદ્ધિમાં. ૯ ફેલાવો.

Gandhi Heritage Portal

કૈવલ્યપદ તમે નિજ સ્વરૂપે, ઈશ્વરપદ છે અનંત;
મોટું સામર્થ્ય માયા-કેરૂં, જ્યાં ઉપજે મિથ્યા જંત. ૩
તે જંતને બહુ કામના, રસના માટે તે જીવ;
દેહ-આસક્તિ તેને અતિઘણી, જાણે આયુ વધે થૈયે શિવ. ૪
તે પિંડને બહુ પરભવે[1], અને કરે તે કર્મ કલેશ[2];
ચિરંજીવ[3] થાવા હીંડે, મોટો મન ઉદ્દેશ[4]. ૫
ભૂત ભવિષ્યની વાત લહેવા, ઘણું માન[5] ને કોડ[6];
ઈશ થાવાને આશ મોહોટી, સાધે પિંડ મનમોહોડ[7]. ૬
સિદ્ધિકાજે તે કરે, અતિ ઘણા ઉપાય;
અહંતા વાધે અતિ ઘણી, તેણે જીવ જાડેરો[8] થાય. ૭
માયા સાધે મનવડે, જાણે એજ પરમાત્મપદ;
મમતાતણાં તેણે પડલ ચડે, તેમ તેમ વાધે મદ. ૮
એહવા પ્રકાર અજ્ઞાતણા, સાધે જીવ અપાર;
નાટકમાં નર નાચ નાચે, એમ સરાહે સંસાર. ૯
કહે અખો પદ-મૂલગે[9], પહોંચ નહિ એ જંતને;
મર્મ મૂલગો તેજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## પદ ૫-જીવ ને મનનું સ્વરૂપ.
### રાગ ભૈરવ.

મર્મ સમઝ રે મનવા[10] મેરા, તામેં સમાસ[11] જબ હોએ તેરા;
મન જગતકા ધારણહારા, મન મુવે નિવડયા[12] સંસારા. મર્મ૦ ૧

૧ સાચવે. ૨ કર્મસંબંધી દુઃખ. ૩ દીર્ઘજીવી. ૪ હેતુ. ૫ અભિ-માન. ૬ હોંસ. ૭ મનને રોકીને. ૮ સ્થૂળ. ૯ મૂળરૂપ પદે. ૧૦ હે મન! ૧૧ વિષય. ૧૨ સમાપ્ત થયો.

Gandhi Heritage Portal

લોક ચૌદ સ્ફુર્યા[1] હે મનકું, તાતેં[2] મન પાવે બંધનકું;
મન સુવા તબ હે સબ રામા[3], એહ લોકપરલોકકી ભાગી કામા[4]. ૨
મન સુવે તે રહે જે મનવા, સો હરિરૂપ જાણીજે જનવા[5];
કહે અખો રહ્યા નહિ બાકી, જબ[6] હિકમત [7]બુઝી[8] ધરવાકી[9]. ૩

## કડવું ૨૧–બ્રહ્મ–ઈશ્વર ને જીવની એકતા.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું પૂરણપદ મહિમાયજી, કોટિ બ્રહ્માંડ જે નવાં રચાયજી;
પણ અધિક ઓછું કાંઈ નવ થાયજી, જોતાં જોતાં તે વિલૈ[10] જાયજી.

### પૂર્વછાયા.

વિલૈ જાતાં વણસે[11] નહીં, અને નવાં થાતાં નવ વધે;
પ્રાય વસ્તુ અરૂપ અણુલિંગી, હેતુવિના કારણ–નિધે[12]. ૧
હેતુવિના કારણતણું, કહું દૃષ્ટાન્ત વિધે કરી;
આકાશવિષે જેમ અભ્ર[13] નાનાં, થાય જાય પાછાં ફરી. ૨
નીલ પીત ને શ્યામ ઉજ્જવલ, રક્ત[14] ભાત અનંત;
વિચિત્ર પેરે[15] વિલસે[16] વળી, ત્યાંહાંજ આવે અંત. ૩
પણ વ્યોમ[17] તેમનું તેમ થાતે[18], જાતાં[19] તેમનું તેમ;
વારક[20] પ્રેરક[21] નહિ અભ્રને, વસ્તુ જાણવી એમ. ૪
એ તો અરૂપીકેરૂં રૂપ બંધાયે, પાછું રૂપ અરૂપ થઈ જાય;

૧ કલ્પનાના વિષય થયા. ૨ તેથી. ૩ બ્રહ્મ. ૪ ઇચ્છા. ૫ હે મનુષ્ય! ૬ જ્યારે. ૭ યુક્તિ. ૮ જાણી. ૯ ધરતી–બ્રહ્મની. ૧૦ વિલય પામી. ૧૧ વિનાશ પામે. ૧૨ કારણનો ભંડાર. ૧૩ વાદળાં. ૧૪ રાતાં. ૧૫ પ્રકારે. ૧૬ વિલાસ કરે. ૧૭ આકાશ. ૧૮ ઉત્પન્ન થતાં. ૧૯ વિનાશ પામતાં. ૨૦ નિવારણ કરનાર. ૨૧ પ્રેરણા કરનાર.

Gandhi Heritage Portal

ઉપનાપછી તેહનાં નામ પાડે, પણ થયું શાનું પ્રાય. ૫
એ વિચારી જોતે થકે, જેહવો એ ઘનસાર[1];
રૂપ બંધાઈ રમે રમાડે, પણ ક્ષણ ક્ષણ ખગાકાર[2]. ૬
ભાઈ જગતનાં કારણ ઘણાં, પણ થયા પછે ધરે નામ;
કહે પંચભૂતનાં પૂતળાં, એ બ્રહ્માકેરાં કામ. ૭
પણ વિરંચીઆદે[3] વિશ્વ સઘળું, ઘડયો કેહેનો ઘાટ;
એ વિચારે બુદ્ધિ બુડે, અતિ નિરાળો[4] નાટ.[5] ૮
ભાઈ જે છે તે તો એજ છે, બીજો વિચાર મનનો ઘડયો;
કરતા કોણ કહું કેહેતણો, જો અન્ય પદાર્થ નવ જડયો. ૯
કહે અખો એ કળા મોટી, તોજ ઉપજે જંતને;
રૂપ અરૂપી આપ દેખે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૨-બ્રહ્મ અને માયાની એકતાથી જીવ અને ઇશ્વરનું સ્વરૂપ-સદષ્ટાંત.

### રાગ ધન્યાશ્રી.

અનુભવ મોટો મોટા જાણેજી,
બુધ્ય તે આપડી થયું પ્રમાણેજી;
દીઠું સાંભળ્યું સહુએ વખાણેજી,
પણ અણચઢ્યું[6] કોઇક ઉરમાં આણેજી. ૧

### પૂર્વછાયા.

ચઢ્યું નથિ તેનાં ચરિત્ર શેનાં, એ તો આભાસે[7] છે અણછતાં;
અણલિંગી એ અર્થ સમજે, કહું દૃષ્ટાન્ત જે પહોંચતાં. ૧

૧ કપૂર. ૨ આકાશને આકારે. ૩ બ્રહ્મા આદિ. ૪ ભિન્ન. ૫ નાટક. ૬ નહિ અનુભવેલું. ૭ પ્રતીત થાય છે.

Gandhi Heritage Portal

અધિષ્ઠાન ઉત્કૃષ્ટ માટે, ચૈતન્યતા ત્યાં અતિ ઘણી;
તેણે અરૂપ ભાસે રૂપસરખું, તેણે અહંતા ઉઠે આફ્ડી[1]. ૨
તે અહંતા થાય અનંતરૂપે, પોઢી[2] થઈને પાંગરે[3];
તેનો લક્ષ નરને કહું, કો ધીમંત[4] હૃદયામાં ધરે. ૩
ભાઈ દૃષ્ટાન્ત આવે બુદ્ધિમાં, તો સિદ્ધાન્ત સમજે સહી;
તે દૃષ્ટાન્ત સમજી નવ શકે, તેને ઉકેલ[5] હોયે નહીં. ૪
જેમ દર્પણ મૂકિયે સામસામા, તે પ્રતિબિંબે[6] એકએકમાં;
તે અન્યો અન્ય અનંત થાયે, દૃષ્ટ પહોંચે છેકમાં[7]. ૫
તે દર્પણદર્પણમાંહે રચના, દીસે પ્રગટ પ્રમાણ;
એકએકમાં અલગા અલગા, ચંદ્ર[8] તારા બહુ ભાણ[9]. ૬
અનંત ભાસે સામસામા, એકના ઉદરમાં એક;
સિદ્ધાંતને તમો એમ જાણો, કહું વસ્તુ-વિવેક. ૭
આદર્શ[10] નિર્મલ અતિઘણું, પરબ્રહ્મસ્થાની[11] તેહ;
તેહમાં અજા આછી[12] અણછતી, ભાઈ આવી ભાસે[13] એહ. ૮
તે અજામધ્ય ઉપાધ્ય[14] ઓહલી[15], તે જાણે અહંકૃત્ય[16];
જેમ મુકુરમાં[17] અનંત દીસે, રૂપની સંસૃત્ય[18]. ૯
કહે અખો સહુકો સુણો, સંસૃત્ય ન ભાસે જંતને;
એ ગીતાનું તે હારદ સમજે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ એની મેળે. ૨ મોટી. ૩ અંકુર મેલે. ૪ બુદ્ધિમાન. ૫ સિદ્ધાંત સમજવાનું સામર્થ્ય. ૬ પ્રતિબિંબિત થાય. ૭ અંતમાં. ૮ ચંદ્ર. ૯ સૂર્ય. ૧૦ દર્પણ. ૧૧ પરબ્રહ્મને ઠેકાણે. ૧૨ સૂક્ષ્મ. ૧૩ પ્રતીત થાય. ૧૪ ઉપાધિ. ૧૫ ઘણી. ૧૬ અહંકાર. ૧૭ દર્પણમાં. ૧૮ સંસાર.

Gandhi Heritage Portal

## કડવું ૨૩–બ્રહ્મવસ્તુ નિરૂપણ.

### રાગ ધન્યાશ્રી.

વળિ કહું પૂરણપદ નિર્વાણજી,
જ્યાંહાં ન પહોંચે મન ને વાણજી;
ત્યાંહાં નવ હોએ ઉત્પત્ય[1] હાણજી[2],
સ્વસ્વરૂપની જ્યાંહાં છે જાણજી[3]. ૧

### પૂર્વછાયા.

સ્વસ્વરૂપની જાણ એહવી, જીહાં[4] જાણણહારો સ્વે[5] રહે;
અણછતું તે છતું થાય, છતો[6] બ્રહ્મ-અગ્નિ[7] દહે. ૧
ભાઇ સિદ્ધાંતનું સિદ્ધાંત એહજ, મહાનુભાવની[8] સ્થિતિ જહાં;
આકાશથી આઘેરૂં જે પદ, તે કહ્યું ન જાએ પરૂં[9] અહાં[10]. ૨
વેત્તા[11] વિણ વેદ્યા[12] વિના, પૂરણપદ નિર્વાણ[13];
જેને ગ્રાહ્યગ્રાહકભાવ નહિ, જાણ્યવિહોણી[14] જાણ. ૩
તેહને ઉપમા દીજે કશી[15], જો તેવડે સર્વ કોય;
જે કહીએ તે અણછતું[16], ભાઇ તે તો તેહ ન હોય. ૪
દૃષ્ટાંત ઉપમા જે જે દીજે, તે તો સર્વ રહે ઓહરૂં[17];
શું કરે એ બુધ્ય[18] આપડી, જો ચાલ્યાથી દસ ડગલાં પરૂં[19]. ૫
જેમ આકાશમાં ઉડે વિહંગમ[20], એકથી એક આઘા વટે[21];

---

૧ ઉત્પત્તિ. ૨ નાશ. ૩ જ્ઞાન. ૪ જ્યાં. ૫ પોતે. ૬ પ્રતિત થતો કલ્પિત પ્રપંચ. ૭ બ્રહ્મના જ્ઞાનરૂપ અગ્નિ. ૮ મોટા સામર્થ્ય-વાળાની-જ્ઞાનીની. ૯ દૂર. ૧૦ અહિં. ૧૧ જાણનાર. ૧૨ જાણ્યા. ૧૩ માયા ને માયાનાં કાર્યો જ્યાં શાંત થયાં છે એવું. ૧૪ જાણ્યા વિનાની. ૧૫ કઇ. ૧૬ કલ્પિત. ૧૭ સમિપ. ૧૮ બુદ્ધિ. ૧૯ દૂર. ૨૦ પક્ષી. ૨૧ જાય.



Gandhi Heritage Portal

બળ દેખાડે બહુ પરે[1], શિરે[2] સામર્થ્ય તે ઘટે. ૬
જેમ અગમ અગાધ અનંત અંબર[3], તેમ વસ્તુ અનંત અપાર;
તેને શ્યા સરીખો કહે કવિજન, કહેવું બુદ્ધિઅનુસાર. ૭
જેમ મૃતકની[4] ગત જાણે મૃતક, જે જન જીવિતથો[5] ટળ્યો;
તેમ જ્ઞાનીની ગત જાણે જ્ઞાતા, જે અંતરમાં પાછો વળ્યો. ૮
ભાઈ સાને સમજે સંત શૂરા, પણ કર ગ્રહીને નથી આલવા;
એ તો પોતે હુંકારો દે પોતાને, તો જાય કેહને ઝાલવા. ૯
તો કહે અખો સહુકો સુણો, અકલ કલા મહંતને;
મરી જીવ્યાનો મર્મ લેવા, સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૪-જીવને અહંકાર સ્વરૂપની ઉત્પત્તિ.

### રાગ ધન્યાશ્રી.

વળિ કહું એક અપૂર્વ સારજી, વણક્રમે[6] હોય પંથનો પારજી;
જહાં ન લાગે શબ્દ ઉચ્ચારજી, તે જાણવો બોલણહારજી. ૧

### પૂર્વછાયા.

બોલણહારાનું બોલવું, તે જાણજો જુગતે કરી;
એમ સમજે સિદ્ધાન્ત થાય, જો જુએ જન પાછો ફરી. ૧
ભાઈ પરાપરથી[7] શબ્દ ઉઠે, તે જુગતે જાડો થાય;
પાર છે પરમાત્મા તે, સ્વેં ચૈતન્યઘનરાય[8]. ૨
તે મનદ્વારાએ મહાતમ[9] ધરે, તે મનને ઉઠે કલ્પના;
કલ્પનામાં કામના છે, તે કરે બહુ જલ્પના[10]. ૩

૧ પ્રકારે. ૨ સરવાળે-પરિણામે. ૩ આકાશ. ૪ મુએલાની. ૫ જીવવાથી. ૬ ક્રમવિના. ૭ પરાવાણીની પછવાડેથી. ૮ એકરસ ચૈતન્ય. ૯ મોટાઇ-સ્થૂળતા. ૧૦ બકવાદ.

Gandhi Heritage Portal

પરાતીતથું[1] હોય પોષણ, તે શબ્દરૂપ પરા કરે;
તે પશ્યંતીએ થાય જાડો, અરૂપ ફીટી[2] રૂપ ધરે. ૪
મધ્યમાએ ઘાટ ઘડાએ, અને વૈખરી થઇ વીખરે;
સંસૃત્ય[3] વાધે શબ્દ કેરી, અનંત પ્રકારે ઓચરે. ૫
અક્ષર બાવન અનંત રૂપે, વેદ પુરાણ સ્મૃતિ લખે;
મંત્ર યંત્ર ને વિદ્યા અવિદ્યા, કાંઇએ ન હોય વાણીપખે[4]. ૬
ષટ દરશનના મત્ત નાના, એ સર્વે મનવાણીતણા;
પશુ પંખી નર નાગલગે, ભેદ સર્વ એહના ઘણા. ૭
પરાત્પર[5] તે પર રહ્યું, એ રમત્ય[6] વાણીમનતણી;
મધ્યે માની લીધું જીવડે, અણહુંતો[7] થયો ધણી. ૮
મોટું સામર્થ્ય મહાપ્રભુનું, વણ ચલાવ્યું ચલે વલે;
જેમ સૂર્યવડે સર્વ કામ ચાલે, પણ કિરણ કેમાંહે[8] નવ ભલે. ૯
કહે અખો એ મર્મ મોટો, એમ સમજે અનંતને;
એમ સમજેથી સ્વેંજ થઇએ, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## પદ ૬-જ્ઞાતાજ્ઞેયની જ્ઞાનથી એકતા.

### રાગ કેદારો.

મર્મ મોટો પરબ્રહ્મનો, રસનાએ નાવે;
શબ્દવેધી[9] સુરતા[10] ખરા, તેહને લક્ષ આવે. મર્મ૦ ૧
જેણે સ્થલ કોઈએ નથી, તેણે સ્થલ સ્વામી;
ધ્યાતા ન રહે શેષ જે, તેણે વસ્તુ પામી. મર્મ૦ ૨

૧ પરાને પારથી. ૨ ત્યજી દઇને. ૩ સંસાર. ૪ વાણીવિના. ૫ પરાથી પાર. ૬ રચના. ૭ કલ્પિત. ૮ કોઇમાં. ૯ શબ્દનું શ્રવણ કરીને વેધ કરનારા. ૧૦ મનોવૃત્તિને એકાગ્ર રાખનારા.

Gandhi Heritage Portal

શબ્દવિના સોહં[1] સદા, વેત્તાવિના વેવું;[2]
જાણે કો સંત સાધી કલા, આકાશ વશેવું. મર્મ૦ ૩
ગુરૂ શિષ્યવિનાની સંજ્ઞા[3], જો સુધો[4] શિષ્ય પ્રીછે;
તે સદગુરૂ કહી શકે, જે ગુરૂપણું નવ ઈચ્છે. મર્મ૦ ૪
જે વાચા બોલે અવાચ્યને[5], તે વાચા ન હોય;
સ્વસંવેદ્ય[6] જાણે અખા, જો ગુરૂગમ હોય. મર્મ૦ ૫

## કડવું ૨૫–પરબ્રહ્મનો ભેદ.

### રાગ ધન્યાશ્રી.

હવે કહું મોટો પરબ્રહ્મ ભેદજી, જેણે કરી હોય દ્વૈતનો ઉચ્છેદજી;
જેહને કહે અગમ અગોચર વેદજી, તે પદ જાણો સ્વસંવેદજી. ૧

### પૂર્વછાયા.

સ્વસંવેદ તે પદ સદા, આપેં લહે તે આપને;
જેમ ધુંધુતો હોય અગ્નિ અચાનક, થાય શિખા તેજ તાપને. ૧
તેહને જોત્ય જવાલા અતિઘણી, દીસે જાજ્વલ્યમાન[7];
ફટકીને[8] થયો ફરફરો[9], તેણે કાઢયું રૂપ નિદાન[10]. ૨
પરબ્રહ્મ વહ્નિ એમ જાણો, ઘટઘટ[11] રહ્યો સમાય;
જેમ છે કાષ્ઠ પાષાણ માંય, તે દેહસાથે થયો જાય[12]. ૩
ધુંધુતો[13] ધોખે[14] ભર્યો, તે શૂન્યવાદીનો વાદ;
ધૂમ્ર ભર્યો અતિ ધૂખલો, તે ચાલ્યો જાય અનાદ્ય. ૪

---

૧ તે પરમાત્મા હું છું. ૨ જાણવું. ૩ જ્ઞાન. ૪ સરલ. ૫ વાણીના અવિષયરૂપ બ્રહ્મને. ૬ પોતાને પોતાના અનુભવથી જણાય એવું. ૭ પ્રકાશમાન. ૮ તડ તડ કરીને. ૯ વધારે ફેલાવાવાળો. ૧૦ અંતે. ૧૧ શરીર શરીરમાં. ૧૨ જેમ લાકડામાં ને પથ્થરમાં તેની ઉત્પત્તિની સાથે અગ્નિ ઉપજેલો જણાય છે. ૧૩ ધુંધવાતો. ૧૪ કલેશે.

Gandhi Heritage Portal

તે કાષ્ઠ નોહે કશાનું[1] નોહે, કરે તે ઘોર અંધાર;
દારૂનાં દલથકી ટળ્યો, અને ઝલક્યો નહિ ઝાતકાર[2]. ૫
તેમ શૂન્યવાદીને સત્તા ખરી, પણ આતમ નહિં [3]ઉદ્યોત;
કથે પણ તેહનો ક્લેશ ન ટલે, જેહવી ચિત્રામણિની[4] જ્યોત. ૬
જેમ ચિત્રદીપ દીસવા લાગે, પણ અજવાળું નવ થાય;
તેમ શૂન્યવાદી સર્વનાશ કહે, પણ મૂલ-મહિમા[5] ન પ્રીછાય. ૭
તે પ્રપંચને મિથ્યા કહે, પરમાત્માને કહે નથી;
કર્મ ધર્મને તે પરઠે, કહે જગત સર્વે શૂન્યથી. ૮
કહે શૂન્ય ઉપજે શૂન્યે સમાયે, શૂન્યમાંહે સહુ સ્થિતિ કરે;
શૂન્યમાં આશય છે તેહનું, કહે મુઓ ફરી નહીં અવતરે. ૯
કહે અખો શૂન્યવાદી, ન પામે મૂલ-તંતને;
પ્રભુ પરમારથ તેહજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૬-શૂન્યવાદીનો વિતંડાવાદ.

### રાગ ધન્યાશ્રી.

હવે કહું અધમ એ શૂન્યવાદીજી, જેને શૂન્યની શુદ્ધ ન લાધીજી;
પ્રપંચ ન ટળ્યો નિંદા વાધીજી, તેણે મિથ્યા બુદ્ધિ સાધીજી. ૧

### પૂર્વછાયા.

તે પ્રપંચને મિથ્યા કહે, પણ હૃદે જગત સાચું સહી;
અધમ નામ તે માટે એહનું, જે શૂન્યવાદીએ પૂરા નહિ. ૧
તે કરતવ્યથી નવ ઓસરે[6], ઉત્તમ તજે ને મધ્યમ ભજે[7];
દેહઆસક્ત[8] રહે સદા, સુખ દુઃખ પામે જયવિજે[9]. ૨

૧ અગ્નિ. ૨ સ્પષ્ટપણે. ૩ પ્રકાશ. ૪ ચિત્રમાં આળેખેલી. ૫ મૂળ વસ્તુનું સામર્થ્ય. ૬ પાછા હઠે. ૭ સેવે. ૮ શરીરમાં અતિ પ્રીતિવાળા. ૯ જય ને પરાજયમાં.

Gandhi Heritage Portal

જુગતે[1] જગતના દોષ દેખે, પોતાપ્રતે[2] તે વસે;
અજ્ઞાનને તે જ્ઞાન માને, ઇંદ્રિના સુખને ધસે[3]. ૩
ક્યારે કહે એ આતમા, ક્યારે કહે એ શૂન્ય છે;
ક્યારે કહે એ જગત સાચું, ક્યારે કહે એ મુન્ય[4] છે. ૪
વાદ કરે એ તે સહુજ સાથે, નિંદે પણ લક્ષ નવ લહે;
બ્રહ્મવિદ્યાનો ભેદ ન જાણે, વેદ વિટલ[5] તેહને કહે. ૫
નાસ્તિ[6] કહે નારાયણને, પણ પ્રપંચ[7] ન છુટે મનથી;
સંસારનાં સુખ અતિ વલ્લભ[8], મન ગયું પાપપુન્યથી. ૬
નમે નહિ મહાપુરૂષને, દોષ દીએ છે અણછતાં[9];
અજ્ઞાનને આગળ કરિને, પ્રબોધે પોતે હુતા[10]. ૭
આચાર્ય થઈને અન્યને, વાત કહે તે નાસ્ત્યની[11];
ભાવભરોસો નહીંજ કેહનો, જુગત ન સમઝે આસ્ત્યની[12]. ૮
અધમ શૂન્યવાદીનાં એજ લક્ષણ, તે શૂન્યવાદી પૂરા નહી;
અસ શૂન્યવાદી તેહને કહીએ, વસ્તુ વિશ્વ બે ન કરે સહી[13]. ૯
કહે અખો સહુકો સુણો, એ સમજે સુખ બહુ જંતને;
સમી સમજણ તેહ સમજે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

## કડવું ૨૭-જ્ઞાનીના અનુભવનો લક્ષ.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું આદ્યો અનુભવ જેહજી, જે જે સમજ્યા પુરૂષ વિદેહજી;
કોઇક જાણે મર્મ તો એહજી, જે જઈ નીસરે શૂન્યને છેહજી.[14] ૧

---

૧ યુક્તિથી. ૨ પોતાનામાં. ૩ દોડે. ૪ ન કહી શકાય એવું. ૫ ઠગ. ૬ નથી. ૭ જગત. ૮ વહાલાં. ૯ ન હોય એવા. ૧૦ હુંપણા-વડે. ૧૧ નાસ્તિકની. ૧૨ આસ્તિકની. ૧૩ સત્ય. ૧૪ છેડે.

Gandhi Heritage Portal

## પૂર્વછાયા.

શૂન્ય મધ્યે છે વાટ એહવી, પરમાતમપદ તે સદા;
અગમ અગાધ મત મહા મનોહર, જ્યાં ન મલે દ્વૈતની આપદા. ૧
તેહને જગત નહીં તો શૂન્ય શું કહે, ગુણદોષ તે કેના ગણે;
પરમાર્થ આવ્યું [1]પ્રીછમાં, તો આપવિના અન્ય શું ભણે? ૨
જેમ રતાંબરને[2] રાત્ય ન મલે, તો દિવસ પરઠે[3] શુંવડે;
એ તો કાલ માપે ભૂતલવાસી[4], પણ સૂર્યને કાંઈ નવ અડે. ૩
તેમ વિશ્વ દેખી મિથ્યા કહે છે, આશ જાણીને જગતની;
નિકાલ તેહને નથી જડતો, તેણે પેર્ય[5] બાંધી મુગતની[6]. ૪
ભાઈ અણુલિંગીને આપ ન મળે, તો વ્યાપક પરઠે કેહતણો[7];
અણચવ્યું[8] આપ અનાદિ વર્જીત[9], એવો લક્ષ આઘો ઘણો. ૫
શૂન્યવાદી તે શરીર દેખે, પણ કૃત્ય[10] ન માને દેહનું;
અંધ લક્ષ આઘો ન ચાલે, ન સમજે કારણ છેહનું. ૬
જેમ કાષ્ઠ મથતાં ઉષ્ણતા, પ્રથમ પ્રગટે માંહેથી;
પછે પ્રગટે ધૂમ્ર તેહનું, મૂલ અગ્નિને દાહથી. ૭
ઉષ્ણતા તેહજ અગ્નિ જાણીએ, પણ આઘો આદર નવ લહ્યો;
તેમ જગત જગતના કૃત્ય દીઠાં, પણ આતમા અણજાણ્યો રહ્યો. ૮
શૂન્યવાદી તે એમ જાણે, દેહસૂધી તેહની દૃષ્ટ[11] છે;
પણ પરમારથમાં પોંચ ન હોય, જેહની પુઠે પુષ્ટ[12] છે. ૯
કહે અખો જે લક્ષણ સમજે, તેહજ પામે અંતને;
પરપંચ-પાર[13] તે રહ્યો બોલે, કલા મોટી સંતને. ૧૦

---

૧ જાણવામાં. ૨ આકાશમાં રહેનારને. ૩ નક્કી કરે. ૪ પૃથ્વીપર રહેનારા. ૫ રીત. ૬ મુક્તની. ૭ કોનો. ૮ નહિ અનુભવેલું. ૯ સર્વથી રહિત. ૧૦ કર્મ. ૧૧ દૃષ્ટિ-જ્ઞાન. ૧૨ પોષણ પામેલ. ૧૩ જગતની બહાર.

Gandhi Heritage Portal

## કડવું ૨૮–વિદેહીનાં ચિહ્ન.

### રાગ ધન્યાશ્રી.

વળી વિદેહીતણું કહું ચિહ્નજી, જ્યાં નવ પોંહોંચે વાણી મનજી;
જેને વિષે ન મળે રયણી[1] દિનજી, જે વેત્તા તે તન્મય તનજી. ૧

### પૂર્વછાયા.

તન્મય તન તે માટ એણે, તે કહું દૃષ્ટાંતે કરી;
જેમ ભાસકર[2] ભાસ્યો તોય-ભાંડે,[3] પણ ત્યાંનો ત્યાં જોતે[4] ફરી. ૧
તે વારિમાંહેથી[5] વાયુ-યોગે, ડોલતો દીસે ઘણું;
પણ તરણિ[6] તેમનો તેમ પ્રાએ[7], અચલ મંડળ આપણું. ૨
તે તપ્ત[8] જળમાંહે તપ્ત ન હોએ, શીતળ ન હોએ શીતથી;
રક્ત[9] જળમાં ન હોએ રાતો, પીળો ન હોએ પીતથી. ૩
તે અશુચિ[10] જળમાં ભાસ્યો માટે, અશુદ્ધતા પામે નહીં;
વારિવિષધરમાંહે[11] દીઠો, અંતરમાં આમે[12] નહીં. ૪
સુરસરીકેરા[13] નીરમાંહે, પવિત્ર ન હોએ દિનમણિ;[14]
સુધારસમાં[15] ભાસ્યો માટે, અમર ન થાય અહર્ધણી.[16] ૫
પાત્રમાંહે હેઠો દીઠે, પાતાલમાંહે નથી પડયો;
અણુલિંગી પદ એમ જાણે, વ્યતિરેક કારણ પરવડયો. ૬
અર્ક ત્યાં ઉપાધ્ય[17] ન મળે, ઉત્તમ અધમ અવનીતણી[18];
મહાપદનું[19] તાં મહાતમ[20] એહવું, જ્યાં પક્ષ ન મળે અન્ય આપણી.
વિશેષણ જેટલાં કહ્યાં, તે રહ્યાં ભૂનાં[21] ભૂવિષે;

---

૧ રાત્રિ. ૨ સૂર્ય. ૩ પાણીના વાસણમાં. ૪ જોતાં. ૫ જળમાંથી. ૬ સૂર્ય. ૭ બહુધા. ૮ તપેલા. ૯ રાતા. ૧૦ અપવિત્ર. ૧૧ સર્પના ઝેરમાં. ૧૨ દોષ. ૧૩ ગંગાજીના. ૧૪ સૂર્ય. ૧૫ અમૃતના રસમાં. ૧૬ સૂર્ય. ૧૭ ઉપાધિ. ૧૮ પૃથિવિની. ૧૯ બ્રહ્મનું. ૨૦ મોટાઈ. ૨૧ પૃથિવિનાં.

Gandhi Heritage Portal

વ્યતિરેક નાવે વાણ્યમાંહે,[1] અન્વયપદમાં એ લખે. ૮
અતિ આઘો લક્ષ વપુવિના,[2] સમજ્યા સરખું સાર છે;
વિદેહકેરી વાત મોટી, શબ્દકેરે તે પાર છે. ૯
કહે અખો સહુકો સુણો, એ સમજ છે મહંતને;
એ અર્થને જે સમજે, તે રહે પાર વેદાન્તને. ૧૦

## પદ ૭.—મહાપદ વર્ણન.

### રાગ સારંગ.

સંતો બાત બડી મહાપદકી, શબ્દ શયાન[3] કછુ નહિ લાગત;
એસી સ્થિતિ બેહદકી[4], સંતો બાત બડી મહાપદકી. ૧
દ્વંદ્વાતીત[5] દ્વૈતસો[6] ભાસે, કહા કહું કોબિદકી[7];
આપ અવાચ્ય વાચ્ય કરી બોલત, અજબ કલા મહાનિધકી[8]. સં૦ ૨
જહાં કછુ નાહીં તાહિમેં તકીઆ[9], હામ નહિ જહાં હદકી;
શબ્દાતીત સુર્ત્યકી લગના, ચોજ[10] ગ્રહી ચિદ્દ્ઘનકી. સંતો૦ ૩
ગ્રાહક ગ્રહણ ગ્રાહ્ય નહિ તામેં, વાણ્ય ખુટી જહાં શ્રુત્યકી;[11]
રૂપ અરૂપી આપ અખા હે, બુઝ[12] બડી એ ગત્યકી.[13]. સં૦ ૪

## કડવું ૨૯—ષટ્શાસ્ત્ર, ષટ્ઉપશાસ્ત્ર અને ષટ્-દર્શનનું વર્ણન.

### રાગ ધન્યાશ્રી.

જે ઘટ ઉપનું એવું જ્ઞાનજી, ત્યાં તેહ થયું સર્વ સમાનજી;
જીવ ઈશ્વરનું પામ્યું નિદાનજી,[14] ત્યાંથી ટલીયું પ્રકૃતિનું ભાનજી.૧.

---

૧ વાણીમાં. ૨ શરીર વિના. ૩ ઇસારત. ૪ અનંતની. ૫ દ્વંદ્વથી પર. ૬ દ્વૈત જેવો. ૭ પંડિતની. ૮ મોટા ભંડારની. ૯ સત્પુરૂષોનું સ્થાન. ૧૦ સૂક્ષ્મ સમજ. ૧૧ વેદની. ૧૨ સમજણ. ૧૩ ગતિની. ૧૪ કારણ.

Gandhi Heritage Portal

## પૂર્વછાયા.

પ્રકૃતિ ભાન ટલ્યું ત્યાંથી, યથારથ જેમ તેમ થયું;
હવે કહું દરશણુ ખટ જે, અપૂરવ અમથું રહ્યું. ૧
ન્યાય પાતંજલ મીમાંસા, વૈશેષિક સાંખ્ય વેદાંત;
દરશન ઉપદરશન ભેદ કીધા, તે જાણજો તમે સંત. ૨
શૈવ સાંખ્ય મીમાંસક, ચાર્વાક બૌદ્ધ ને જૈન;
એ ઉપદરશન ભેદને જાણો, શરીરસંબંધી ચિહ્ન. ૩
જટિલ મુંડિત માલાધારી, કરે લુચન[1] કેશ;
કો વાલાંગરડાં[2] શિશ વીંટે, કંઠે લિંગ શિવઉપદેશ. ૪
છ દરશન તે મૂલગાં, ભાઇ શાસ્ત્રકેરાં નામ;
તેહનાં થયાં પાખંડ છનું, તે ચાલ્યાં ગામોગામ. ૫
પાખંડનાં બહુ ફડસુઆં,[3] ગણુતાં તે નાવે છેક;[4];
તે મત ભાખે જૂજવા[5], પણ ચાલ્ય ન મળે એક. ૬
એક એક નિંદે એ માંહોમાંહે, અને પોતાને કહે સાર[6];
એમ ખટદરશન ખટપટે, પણ ન કરે મૂલવિચાર[7]. ૭
ભણી ભણીને ભેદ પાડે, અક્ષરતણી લે ઓટ[8];
સિદ્ધાન્ત નાવે સમજમાંહે, બાંધી રહ્યા ખટકોટ[9]. ૮
છએ કરે વાદ માંહોમાંહે, ત્યારે સહુને પોષે માય[10];
સમાય માયા આપે સરખો, હાર્યો કોએ ન જાય. ૯
કહે અખો સહુકો સુણો, મત નોહે મહાંતને;
નિરદાવે[11] નારાયણ મળશે, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ ચુંટવાની ક્રિયા. ૨ બકરાના વાળની દોરી. ૩ પેઢાં. ૪ પાર. ૫ જૂદા જૂદા. ૬ શ્રેષ્ઠ. ૭ મૂળ-કારણ-નો વિચાર. ૮ આધાર. ૯ છ ગઢ. ૧૦ માયા. ૧૧ પક્ષપાત વિના.

Gandhi Heritage Portal

## કડવું ૩૦-શ્રુતિ-સ્મૃતિ-પુરાણ-શાસ્ત્રના મત.

### રાગ ધન્યાશ્રી.

શ્રુતિસ્મૃતિ તે એમ વખાણેજી, જીવ ને જીવનાં કર્મ પ્રમાણેજી[1];
કર્મઅનુસારે જીવને જાણેજી, એહવું સિદ્ધાંત અઢારે પુરાણેજી. ૧

### પૂર્વછાયા.

સિદ્ધાંત કીધો વેદપુરાણે, કર્મ ને વળી જીવનો;
કહે કર્મ ને જીવ ચાલ્યા જાય, એ ઠાઠ છે સદૈવનો[2]. ૧
જયો પરઠી ચાલે આઘા, કર્મને જાડાં કરે;
કર્મ ત્યાં તો જીવ સાચો, એમ જગતજ પરવરે[3]. ૨
વેદે થાપ્યો જીવ સાચો, સ્મૃત્યે પિંડ પરઠ્યો ખરો; નક્કી કર્યો, સ્થાપ્યો, પ્રમાણ્યો
કર્મધર્મ આચરણ લખિયાં, પ્રોઢો[4] પ્રપંચ પરવર્યો. ૩
પણ આદ્ય[5] ન કાઢી જીવની, જે પ્રાય[6] જંત શ્યાંનો ઘડયો? શાનો
નિયંતા[7] કોણ ને નિમિત્ત[8] શાથી, એવડો ખેલ[9] કરવો પડયો? ૪
એ પરંપરા કોએ નવ જુએ, અને જુએ તે જંત નવ રહે;
જેમ વાયે વાંસ ઘસાય માંહોમાંહે, વહ્નિ વન આખું દહે. ૫
નૈયાયિકનો ન્યાય સાચો, તે ન્યાય જીવ પરઠે ખરો;
તે કૃત્યજ દેખી જીવ દેખે, તે દીઠામાટે ઉચર્યો. ૬
દેખે તેતાં કહે ખરૂં, ન્યાયવાદી નામ-એહનું;
હવે પાતંજલી તે પ્રાણ સાધે, કૃત્ય માને દેહનું. ૭
દેહપ્રાણને કહે સાચા, કહે જીવવિના દેહ કેમ રહે?
પિંડ દેખી જીવ પરઠે, પાતંજલી તો એમ કહે. ૮

---

૧ નક્કી કરે. ૨ અનાદિ કાળનો. ૩ આગળ ચાલે છે. ૪ મોટી. ૫ મૂળ. ૬ વસ્તુતાએ. ૭ નિયમમાં રાખનાર. ૮ કારણ. ૯ મોટો પ્રયત્ન.

મેલ ગમતા પરી, સફરને શ્રી હરિ, કોઈ લેને વિચારી મૂળ.
— નરસિંહ મહેતા

Gandhi Heritage Portal

મીમાંસા કહે જો જીવ નોહે, સ્વર્ગભોગ કોણ ભોગવે ?
પુરંજન[1] પ્રાયેજ છે, તો સંસારને રહ્યો જોગવે[2]. ૯
કહો અખો શાસ્ત્ર સઘળાં, સત્ય થાય જંતને;
નિર્વાણપદ[3] તોજ પ્રગટે, જો સેવે હરિ-ગુરુ-સંતને. ૧૦

---

## કડવું ૩૧–શાસ્ત્રોના મતો.

### રાગ ધન્યાશ્રી.

વૈશેષિક કહે જંત વિશેષજી, જંતવિના નોહે નાના વેષજી;
એમ તે ગણે ગુણના લેખજી, કોણે ન હોય જીવનો ઉવેખજી[4]. ૧

### પૂર્વછાયા.

નોહે ઉવેખ એહનો, સહુજ દેખે દેહને;
હવે કહું સિદ્ધાંત મોટું, સાંખ્ય બોલે તેહને. ૧
સાંખ્ય સંખ્યા કાઢે તત્ત્વની, જીવકેરૂં રૂપ કહે;
કહે માયાએ મલિન બ્રહ્મ છે, કર્મભારને તે વહે. ૨
માયા કેરો સંગ છુટે, તો પ્રાય શિવ તે છે સદા;
આવર્ણના વિક્ષેપમાટે[5], ભોગવે છે આપદા. ૩
વેદાંત કહે છે વાત મોટી, એ તો અજા રમે છે અણછતી;
કર્ત્તા કારયિતા[6] એજ માયા છે, દીસે છે જાતી આવતી. ૪
એ તો માયાને માયા પુરી[7] છે, કર્મ જીવ ને ફળ અજા;
જે જે કર્ત્તવ્ય તે માયાનું, જો ધર્મની બાંધે ધજા. ૫
એ મૂલ મત ખટ દરશનનું, શાસ્ત્રકેરૂં કહિયું રહે;
અર્વાકી[8] તેહના ઉપાસક, તે તો મનના મત બહોળા વદે. ૬

---

૧ જીવ. ૨ સંભાળે. ૩ મોક્ષ. ૪ ઉપેક્ષા, ૫ બહિર્મુખ વૃત્તિને લીધે. ૬ કરાવનારી. ૭ સ્ફુરી. ૮ અર્વાચીન.

Gandhi Heritage Portal

જીવ થાપ્યો મત સઘળે, પછે આચરણ અળગાં આચર્યાં;
જીવરૂપે માના ઉદરથી, અલગા કો નવ નીસર્યા. ૭
સાંખ્યને આંખ્ય પા વસાની, જો ચાલે તો ચાલી શકે;
વેદાંતને વાટ સૂજે સુધી[1], જો માયા મુખથી નવ બકે. ૮
એક એક માંહોમાંહે ખટપટે, હારદ[2] હેત મળે નહીં;
મધ્યે બેઠી માયા મોટી, તે અપત્યને[3] રાખે અહીં. ૯
કહે અખો સહુકો સુણો, એમ સમજ છે મહંતને;
એહનું હારદ તો હાથ આવે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

## કડવું ૩૨-મુમુક્ષુને સત્સંગની તૃષ્ણા.

### રાગ ધન્યાશ્રી.

સંતનો અતિ મોટો મહિમાયજી, સીજે[4] કારજ સંતપસાયજી[5];
સંતના જશને ગીતા ગાયજી, સાધુ સેવતાં કારજ થાયજી. ૧

### પૂર્વછાયા.

કારજ થાય ને ગહેન[6] પલાયે, જ્ઞાન યથાર્થ ઉપજે;
નિર્મલ નેત્ર તે કરે હરિજન, જો ભાવે સંતજનને ભજે. ૧
ભાઈ ભાવ ન ઉપજે જ્યાંહાં લગે, તૃષાવંતને[7] જેમ તોયનો[8];
ભાવવિના પુંશ્ચલી-તન[9]-જેવો, કહાવે નહી તે કોયનો. ૨
ભાઇ રતિવિના[10] રામ નવ મળે, ખરી કીધા વિના ખેપ[11];
જેમ પિપાસા[12] જાયે પાન કીધે, શું હોય કીધે જળ-લેપ[13]. ૩

---

૧ પાંસરી. ૨ અભિપ્રાય. ૩ પોતાનાં છોકરાંને. ૪ સિદ્ધ થાય. ૫ મહાત્માની કૃપાથી. ૬ ઘેન. ૭ તરષ્યાને. ૮ પાણીનો. ૯ વેસ્યાના છોકરા જેવો. ૧૦ પ્રીતિવિના. ૧૧ પ્રયત્ન. ૧૨ તરસ. ૧૩ પાણીને શરીરે ચોપડવું.

Gandhi Heritage Portal

ભાઇ આદરવિણ[1] આવે નહીં, સ્વૈં[2] આત્માનું જ્ઞાન;
સંતને સેવી કામ સાધો, સુખે પામો નિજધામ[3]. ૪
સંત–સંગ કીધાવિના, જેહવો વનનો હોય પશુ;
ઉપજે ખપે તે વનનો વનમાં, તેહને વસ્તીનું નહિ સુખ કશું. ૫
સંત–સંગે સર્વ સમજે, પશુ ટળી થાય પાત્ર;
સંત કૃપાદૃષ્ટિ કરે તો, નવ પલ્લવ થાય ગાત્ર. ૬
કામ ક્રોધ લોભ મોહ તાપે, બળી રહ્યું જે મન;
તે જીવને ટાઢો થવાને, સંત તે પરજન્ય[4]. ૭
મમતા ઘાણીએ જોતર્યા, જીવ ચઢયા કાલને હાથ;
તેહને સંત કૃપાદૃષ્ટિ કરીને, કાપી મૂકે નાથ. ૮
જેમ કેસરીકેરા[5] ગંધથી, ભાઇ કરી[6] પલાયે ક્રોડ[7];
તેમ સંતકેરા શબ્દ સુણતાં, બંધન જાય બહુ મોડ[8]. ૯
કહે અખો એ ઠામ મ્હોટો, ઠરવાનો છે જંતને;
ઠરી જીવ ત્યારે ઠામ બેસે, જ્યારે સેવે હરિ–ગુરૂ–સંતને. ૧૦

## પદ ૮—હરિ–ગુરૂ–સંતનું માહાત્મ્ય.

### રાગ સિંધુડો.

હરિ હરિજન અલગા કરી રખે ગણો, સંત સેવ્યા તેણે સ્વામી સેવ્યા;
નિર્ગુણ બ્રહ્મ ને સગુણ સંત જાણવા, જેમ વહ્નિ તેજથી થાય દીવા. હરિ૦
અગ્નિથી દીપ થાય બહુ આદર કર્યે, દીપથી દીપ તે થાય સેહેલો;
જ્ઞાનીની મૂર્તિ તે જાણો ગોવિંદની, તહાં ભગવાન ભેટેજ વેહેલો. હરિ૦
દૃષ્ટિઉપદેશ[9] આપે મોહોટીકળા, જેથકી જંતનાં કાજ સીઝે;
સેવતાં સુખ હોય અતિશે ઘણું, જો સદ્ગુરૂકેરૂં મન રીઝે. હરિ૦

૧ સત્કારવિના. ૨ પોતાના. ૩ પોતાનું સ્વરૂપ. ૪ વરસાદ. ૫ સિંહના. ૬ હાથી. ૭ કરોડ. ૮ નાશ પામી. ૯ જ્ઞાનોપદેશ.

Gandhi Heritage Portal

પ્રત્યક્ષ રામ તે તત્ત્વવેત્તાવિષે, જેમ કુંડલવિષે કનક[1] દીસે;
મન કર્મ વચને સંત ભજશે અખા,તેનું દ્વૈત દેખી મન નહિ જહીસે[2] હરિ૦

## કડવું ૩૩–સત્સંગનું માહાત્મ્ય અને દુર્જનના દુર્ભાગ્યનું વર્ણન.

### રાગ ધન્યાશ્રી.

સંત સંગ કીજે વળીવળી જનજી, અનુભવ વાધે આધો દનદનજી[3];
માયા ઉપરથી ઉતરે મનજી, હરિશું શું ટળશે ભિન્નાભિન્નજી.[4] ૧

### પૂર્વછાયા.

ભિન્ન ટળે વસ્તુ મળે, મોટો મહિમા હરિજનનો;
ચૈતન્યસાગરમાંહે ભેળે, અધ્યાસ[5] ટળે એ તનનો. ૧
શોભે જીવિતવ્ય[6] સંતજનકેરૂં, ભવમાંહે તે અત્ય[7];
સુખદાયક તેહને હોય સહુકો, જેહને સંતસાથે રત્ય[8]. ૨
આપસારીખો કરી મૂકે, એહવી સંતની પ્રીત; (૧.રીત ૨.નીત)
જેમ વેહેરો[9] ન કરે વરસતાં, એવી છે ઘનની[10] રીત. ૩
સિંચે સરખા સહુજને, તેણે ફળે ભાર[11] અઢાર;
હરિ હરિ તે કરી મૂકે, એહવી સંત–સંગત સાર. ૪
સુકે જવાસો તેણી રતે[12], તો મેઘનો શો વાંક; (ચોમાસામાં સૂકાઈ જાય ને ઉનાળામાં ખીલતી વનસ્પતિ)
પરજન્ય પાયે પય ઘણું, પણ પી ન શકે એક ટાંક[13]. ૫
તેમ અસંત સંત–સંગત કરે, પણ લાગે નહિ તેહને સંગ;

---

૧ સોનું. ૨ હરખે. ૩ દિવસે દિવસે. ૪ જૂદાપણું. ૫ ભ્રાંતિ. ૬ જીવન. ૭ અતિ. ૮ પ્રીતિ. ૯ ભેદ. ૧૦ વરસાદની. ૧૧ ૭ મણ છત્રીશ શેર ને ૨૬¾ રૂપીઆભાર., ૧૨ ઋતુમાં. ૧૩ પૈસાભાર. (પ્રકાર)

Gandhi Heritage Portal

મેળ[1] ન દે એ માયા મધ્યથી, જેમ તેમ થાએ ભંગ[2]. ૬
જેમ તેલ કુસુમેકરી[3] વાસિયે[4], તેણે સઘળે તે લાગે વાસ;
તે મધ્ય આવે કાંકરી, તેને ન આવે આભાસ. ૭
જેમ સલિલ[5]-મધ્યે શિલા રહે; પણ અંતર ન ટળે આગ્ય[6];
તો નીર તેહને શું કરે, જો ભેદવા નહિં જાગ્ય[7]. ૮
જેમ ચંદનને ગંધે કરી, થાએ ચંદન આક[8] પલાશ[9];
પણ ગાંઠ હોએ રૂદે વાંસને, તેહને લાગે નહિ વાસ. ૯
કહે અખો હરિ-કૃપા હોએ, તો સમું પડે તે જંતને;
દોષ-દરશન નવ હોએ, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૩૪–સત્સંગની આર્તિ અને સંતના ગુણ.

### રાગ ધન્યાશ્રી.

સંત સંગત કરતાં વિલંબ ન કીજેજી, જેમ તેમ કરીને હરિરસ પીજેજી;
મહાજન સંગે કારજ સીજેજી, વસ્તુ-રૂપ[10] થઇને તો જીવીજેજી[11].

### પૂર્વછાયા.

વસ્તુ-રૂપે થઈ જીવિયે, તે કળા જાણે મહંત;
તત્ત્વ સઘળાં એમ દીસે, જેમ પટરૂપે[12] તંત[13]. ૧
જેમ છીપને રત્ન ખરી ઉપજે, તો ઉપર આવે જળમાંહેથી;
સુરત્યનો[14] તાણ્યો તે પરજન્ય, આવી વરસે કયાંહેથી. ૨
તેહનાં મુખ વિકસી[15] રહે, લેવા કાજે બિંદુને;
તો મુકતાફળ[16] નીપજે મનોહર, પામે નિજઆનંદને. ૩

---

૧ એકરૂપ થવું. ૨ ભેદ. ૩ ફૂલવડે. ૪ ગંધ બેસાડીએ. ૫ પાણીમાં. ૬ અગ્નિ. ૭ જગ્યા. ૮ આકડો. ૯ ખાખરો. ૧૦ બ્રહ્મરૂપ. ૧૧ જીવીએ. ૧૨ લૂગડારૂપે. ૧૩ તાંતણા. ૧૪ મનોવૃત્તિનો. ૧૫ ફાડી. ૧૬ મોતી.

Gandhi Heritage Portal

જે મેહેરામણુથી[1] બહાર નાવે, તેતાં ઠાલી રહે ખરી;
તેમ હરિ ગુરૂ સંતને જે ન સેવે, તે ન પામે નિશ્ચે હરિ. ૪
તેજ વૃષાના[2] બિંદુ બીજા, પડે અહિના[3] મુખવિષે;
તેહ હલાહલ[4] થઈ નીવડે, તેણે મૃત્યુ પામે જે કો ભખે[5]. ૫
સંત-વચન તે કહે યથારથ, વાંકું ગૃહે [6]ખલબુધવડે;
પાત્રયોગે ભલો ભુંડો, ક્ષેત્રનો વેહેરો પડે. ૬
નિર્મલ બુધે સંત સેવિયે, તો ઉપજે નિર્મલ જ્ઞાન;
મનસા વાચા કર્મણાએ, રાખો હરિવિષે ધ્યાન. ૭
જેમ કુંઝી[7] મૂકે ઈંડાંને, તે દૂર જઈ ચારો કરે;
તેની સુરત્ય રહે માંહોમાંહે, તો અપત્ય ત્યાંથી ઉછરે. ૮
વણસેવે[8] સેવાય બાલક, જેને કૃપા આવે ગુરૂતણી;
તેમ સુલક્ષણાને મળે શ્રીહરિ, તેનું મન રહે ગુરૂચરણભણી. ૯
કહે અખો સહુકો સાંભળો, એ કહ્યું છે બુદ્ધવંતને;
જે સુણતાંમાંહે ઝડપે વચનને, તે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

## કડવું ૩૫-સત્સંગના ફળનું વર્ણન.

### રાગ ધન્યાશ્રી.

સંત સેવે તે સર્વ સુખ પામેજી, મન ન લાગે બીજે ભામેજી[9];
જન્મમરણને સુખ દુઃખ વામેજી[10], જેમ જલ ઢળી આવે નીચે [11]ખામેજી. ૧

---

૧ સમુદ્રમાંથી. ૨ વરસાદના. ૩ સર્પના. ૪ આકરૂં ઝેર. ૫ ખાય. ૬ અવળી બુદ્ધિવડે. ૭ કુંઝડી. ૮ સેવ્યા વિના. ૯ મિથ્યા વાતમાં. ૧૦ નાશ કરે. ૧૧ ખામણામાં.



Gandhi Heritage Portal

## પૂર્વછાયા.

જેમ નીચી ભોમે[1] જલ ઢળી આવે, તિહાં ખામામાં તે રહે ભર્યું;
તેમ રામ હૃદયમાંહે વસે, ગુરૂ ગોવિંદ ત્યાં ઘર કર્યું. ૧
જેમ ભક્તને ભગવાન વાહલા, તેમ ભકત વાહલા ભગવાનને;
અંતર માંહેલો આશય જાણી, શકે ન મૂકી ધામને. ૨
જેવા ભક્તને ભગવાન દુર્લભ, એવા ભકત દુર્લભ રામને;
ભકત બીજા છે ઘણા, ઇચ્છે ધર્મ-અર્થ-મોક્ષ-કામને. ૩
સકામે સ્વામીને ભજે, આશ્ચર્ય એહનું નહિ કશું;
નિષ્કામ વાલા નાથને, હેત તેહનું મન વસ્યું. ૪
અણુલિંગીની ભકિત બ્યાસિમી[2], કોઇક જાણે તે કરી;
ત્યાં ધ્યેય-ધ્યાતાનું કારણ ન રહે, તે જાણે જેણે આચરી. ૫
ભાઈ સંતસંગ પ્રતાપ મોટો, રસના તે બાપડી શું કહે;
જેહને વિતશે તે જાણશે, અખો તો એટલું કહે. ૬
જેહને કૃપાનિધાન કૃપા કરે, તે સંતને સદ્ગુરૂ મળે;
તે સદ્ગુરૂ મળતે પાર પામે, જીવ બ્રહ્મમાંહે ભળે. ૭
જીવ બ્રહ્મમાં ભળ્યાનો, અખેગીતામાં ભેદ છે;
એ અનુભવતાં અદ્વૈત થઈએ, અવિચલ વાણી વેદ છે. ૮
કાંઈ કલેશ કીધા વિના, કૃષ્ણમાં તે જન ભળે;
એ ગીતાનો ભેદ સમજે, તે નર જીવ તતક્ષણ ટળે. ૯
કહે અખો એ ગીતાકેરી, ગમ્ય થાએ તે જંતને;
તેહને રામ હૃદયમાં રાખે, પ્રતાપ હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ ભૂમિપર. ૨ ત્રણ ગુણ વિનાની-નિર્ગુણ.

Gandhi Heritage Portal

## કડવું ૩૬-અદ્વૈતપદની દઢતા.

### રાગ ધન્યાશ્રી.

અદ્વૈતપદ તે વાણીમાં ન આવેજી, જે આવે તે દ્વૈત કહાવેજી;
એ ગીતા તે દ્વૈત સમાવેજી, વાક્જાલ[1] વામે ત્યારે લક્ષ આવેજી. ૧

### પૂર્વછાયા.

વાક્જાલ તે વિશ્વમાંહે, અણછતું જાણે સહુ;
નાના વિધિની વાણ ચાલી, મનના મત બોલ્યા બહુ. ૧
વસ્તુ વિચારે વિશ્વ નહિ, તો આચરણ તેહનાં શાં ખરાં;
એ તો વંધ્યાપુત્રે પોતાકેરાં, ચિહ્ન લખી સાચાં કર્યાં. ૨
સંસાર સુત વંધ્યાતણો, તમે જાણજો નિરધાર;
પોતે કહે ને પોતે સાંભળે, એ વાણ્યનો વિસ્તાર. ૩
ધર્મ અર્થ કામ મોક્ષ લખિયા, ભૂત ભવિષ્ય ને વર્ત્તમાન;
બ્રહ્મચારી ગૃહસ્થ વાનપ્રસ્થ સંન્યાસી, એ વંધ્યાસુત નિદાન. ૪
અંડજ, ઉદ્દ્ભિજ, સ્વેદજ, જરાયુજ, ચાર ખાણ ચોરાસી લક્ષ;
સ્વર્ગ મૃત્યુ પાતાળ દશો દશ, સર્વ વંધ્યાસુતની પક્ષ. ૫
જન્મ મૃત્યુ ને દેહ કર્મ, ગુણ નથી કાંઇ પ્રાય;
મંત્ર યંત્ર ને યજન યાજન, વંધ્યાસુતની કાય. ૬
દાતા ભુક્તા દેશ કાળ, કર્મ ફળ સર્વે જાણો એહ;
થયું નથી તેનું થાય ક્યાનું, એ તો મિથ્યા પુરૂષનો દેહ. ૭
વસ્તુ વિચારે કાંઈ નથિ, તે અણછતું રહે જાય;
શિવ તો તેમનો તેમ સદા, જેહને લિંગ નહિ પ્રાય. ૮
જેને ગ્રાહ્ય-ગ્રાહક-ભાવ નહિ, અન્યવિના ગ્રહે તે કોણ;
આરોપણ એ વિશ્વ સઘળું, એ તો સ્ફુર્યા છે ત્રણ ગુણ. ૯

---

૧ વાણીની જાળ.

Gandhi Heritage Portal

કહે અખો એ વસ્તુ વિચારે, ન મળે સ્થળ કાંઇ જંતને;
જેમ છે તેમ એ શિવ સદા, નિજસ્ફુરણ મહંતને ૧૦

## પદ ૯—અદ્વૈત પદનું વર્ણન.

### રાગ મારૂ.

એ ચિદ્[1] જ્યુંકા ત્યું સદાઇ, જિહાં આપાપર[2] ન મિલે અહનિશ;
બેહદ હદ ન કહાઇ, એ ચિદ્ જ્યુંકા ત્યું સદાઈ. ૧
દ્વંદ્વાતીત અસ્પર્શ નિર્ગુણ, એ સબ કહત તાંઈ[3];
આપાપરબિચ રમત નિરંતર, નહિ પંચભૂતન કાંઈ. ૨
જાત[4] અજાત[5] નહિ તિહાં રેહેની[6], ગયા સકત નહિ આઈ;
થોભ[7] અથોભ સ્થિર બિન સ્થિરતા, નાં ઇછક[8] નાં ઈછાઇ[9]. ૩
જ્ઞાતા જ્ઞેય જ્ઞાન બિન જે ઘર, જિહાં પહોંચત નાંહીં ગિરાઈ[10];
લક્ષાલક્ષ અખા જિહાં નાંહીં, સદા સદોદિત સાંઈ[11]. ૪
નિત્ય જાગ્રત

## કડવું ૩૭—વસ્તુનું માહાત્મ્ય.

### રાગ ધન્યાશ્રી.

વસ્તુકેરૂં વક્તવ્ય[12]નવ કીધું જાયજી,જેહનો મહિમા મોટો પ્રાયજી;
જેમ અર્ણવનું નીર જમાયજી,પણ બાંધ્યો સાયર તેમ રહ્યો જાયજી.૧

### પૂર્વછાયા.

સાયર તેમનો તેમ છે, તેમ મહાપદની મોટમ[13] ઘણી;
તીરે કહીંએક લવણ જામ્યું, તો શી ઓછપ સાગરભણી. ૧

---

૧ ચૈતન્ય. ૩ હું ને બીજું. ૩ તેને. ૪ જાતિ. ૫ જાતિરહિત. ૬ આચાર. ૭ અટકાવ. ૮ ઇચ્છા કરનાર. ૯ ઇચ્છા. ૧૦ પડતા. ૧૧ સ્વામી. ૧૨ વર્ણન. ૧૩ મોટાઈ.

Gandhi Heritage Portal

જમાતે કાંઈ જાન[1] ન હોયે, નીર નથી ઓછું થતું;
સેહેજ ઐશ્વર્યમાંહે નીપજે, ન જણાય જાતુંઆવતું. ૨
તેમ જગત જગદીશમાંહે, ઉત્પત્તિ લય દીસે ખરી;
ઓછુંઅદકું કાંઈ ન થાય, સાગર દૃષ્ટાન્તે કરી. ૩
મહા મોટપ સ્વામીકેરી, રસનાએ નથી કહિ જતી;
સુર્ત્યે જે સમઝી શકે છે, તે વાણીમાં નથી આવતી. ૪
ભાઈ મોટી દિશા જો પ્રગટે, તો કાંઈક મોટમ લહે;
મોહોટા અનુભવપાખે[2], એ બુધ કાંઈનું કાંઈ કહે. ૫
જો અનંત કોટ બ્રહ્માંડ છે, તો તેણીમેલે[3] તિલ નથી;
મહા મોટમ મહારાજકેરી, જો ચાલી શકે બુદ્ધિ હદથી. ૬
રસનાએ કહિઆથી, જાણવામાં ભાર ઓછો ઘણો;
બ્રહ્માંડકેરી ભાવના મૂકી, કરે વિચાર જો એ તણો. ૭
જે પદમાં સ્થિતિ કરીને, પછે જુવે બ્રહ્માંડને;
તો બ્રહ્માંડને ઠામ અણુ ન દીસે, તે શું પ્રમાણે પંડને. ૮
જેમ આકાશે કોઈ નર ચઢે, અતિશે તે આઘો જાય;
અવનિના[4] અંકુર નાના, તે ન દેખે પ્રાય. ૯
કહે અખો સહુકો સુણો, આકાશ ફૂર્યો મહંતને;
પિંડ બ્રહ્માંડ સ્વતંત્ર થઇને, દેખે તેહના અંતને. ૧૦

## કડવું ૩૮—વસ્તુની અદ્વૈતતા.

### રાગ ધન્યાશ્રી.

એ અનંતને બોલ્યા ન જાયજી, મહતા નાવે વાણીમાંયજી.
વચન ન લાગે તો કેમ કહેવાયજી, મહા ચૈતન્યઘન નહિ મન કાયજી. ૧

૧ હાનિ. ૨ અનુભવવિના. ૩ તેના તરફ. ૪ પૃથ્વીના.

Gandhi Heritage Portal

## પૂર્વછાયા.

કાયા મન કોણુ કહે તેહને, જિહાં કહણુહાર કહેવું નથી;
અધો ઉર્દ્ધ તે શું શાથકી, જિહાં ગ્રહણુહારે ગ્રહ્યું નથી. ૧
દૂર નિકટ તે શાથકી શું, જો મધ્યે પદારથ નહિ કશું;
સદા નિરંતર છેજ સરખું, વસ્તુ વિચારે એ અશું.[૧] ૨
પૂરણુ બ્રહ્મ પૂરી રહ્યો છે, જગત નથિ નિરધાર;
પરઠણુહારે[૨] પરઠ્યું નથી, નહિ વિચાર અવિચાર. ૩
ચક્રાતીત[૩] ચિતવે થકે, ભાઈ રહે તે અદ્‌ભુત વસ્ત;
અતુલ આશે અનંત મોટો, જિહાં નહિ ઉદે ને અસ્ત. ૪
ઉદે અસ્ત બ્રહ્માંડમાંહે, દિનકરવડે દિનરાત્ય;
દિનરાત્ય કરી કાલ માપના, મરણુ જીવન બહુ ભાત્ય. ૫
એ સ્થૂલભોગ બ્રહ્માંડમાંહે, ચૌદલોકકેરી વરત્ય[૪];
અનિર્વચની તિહાં વાણી ન પહોંચે, નહિ તિહાં સંસ્રત્ય[૫]. ૬
સ્વતંત્ર સ્વામી સદા, તિહાં જેમ છે તેમનું તેમ;
થયું ગયું કાંઈએ નથી, સહજેજ એ છે એમ. ૭
આપાપર કોએ નથી, જીવાજીવ વિગ્રહ[૬] કશો;
પૂર્વ પશ્ચિમ નથી કહેવા, કાર્ય-કારણુ-વિણુ અશો. ૮
જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા-વિના, જેમનું તેમ સદાય;
એ પૂરણુની પૂરણુતા, વેત્તા-વેદ્ય-વિનાય. ૯
કહે અખો બ્રહ્મ અનિર્વચની, વચન નહિ અનંતને;
અક્ષરાતીત[૭] આનંદપદની, ગમ્ય છે મહંતને. ૧૦

---

૧ આવું. ૨ નક્કી કરનારે. ૩ શરીરની અંદરનાં ચક્રોથી પર. ૪ અંદર રહેલ. ૫ સંસાર. ૬ ક્લેશ. ૭ માયાથીપર.

Gandhi Heritage Portal

## કડવું ૩૯—સદ્ગુરૂનું માહાત્મ્ય.

### રાગ ધન્યાશ્રી.

શાણા

સંત સયાણા મહાપદ જાણેજી, તે આપ ન દેખે અન્ય શું વખાણેજી;
આપ અણુચવ્યું તે પ્રમાણેજી, ગુણ-નિર્ગુણને ઉરમાં નાણેજી. ૧
ન આણે

### પૂર્વછાયા.

ગુણ નિર્ગુણ કાંઇએ નથી, સમતત્ત્વ સમજ્યા સહી;
પ્રાયે નહીં તેહને પરાભવ શ્યાનો, રજ્જુ[1] નહીં તો શ્યો અહિ[2]. ૧
એતો અણછતાને અણછતું, ભાસ્યુંતું ભરમે કરી; જ્ઞાની અખો.
તે યથારથ જેમ તેમ થયો, પ્રાયે જેમ છે તેમ હરિ. ૨
પરપંચકેરૂં પેખવું, તે મરીચિજલવત[3] સદા;
તે ઉલેચે ઓછું ન થાય, સમજે શ્રમ ગયો તદા[4]. ૩
સમજે સાધન થાએ સઘળાં, પાર આવે પંથનો;
જેમ રંચકવહ્નિ વન દહે, તેમ મહા વિચાર મહંતનો. ૪
એ અંધધંધ[5] ત્યારે ટળે, જ્યારે ગુરૂગમ હોએ ખરી;
બ્રહ્મવેત્તા મળે જ્યારે, ત્યારેજ મન બેસે ઠરી. ૫
સદ્ગુરૂવિના બહુ મળે કાચા, આપ ઉદ્યોત[6] થયાવિના;
સંત-સંગ પ્રતાપ મોટો, અવયવ ફરી જાય જંતના. ૬
જેમ શરદકાલે અંબર[7] ઓપે, નીર નિર્મળ હોય ઘણું;
સદ્ગુરૂ સંત પ્રતાપ પ્રાયે, એહવું કરે મન જંતતણું. ૭
ભવદુઃખ વામે મહા સુખ પામે, અંતરથી આમય[8] ટળે;
જીવ શિવ તે એમ હોય, જેમ સરિતા[9] સાગરમાં ભળે. ૮

---

૧ દોરડી. ૨ સાપ. ૩ ઝાંઝવા જેવું. ૪ ત્યારે. ૫ ઘાડું અજ્ઞાન.
૬ જ્ઞાની. ૭ આકાશ. ૮ દોષ. ૯ નદી.

Gandhi Heritage Portal

નરનારાયણ એક વર્તે, વંદનીય[1] તે નર સદા;
દુસ્તર[2] તારક[3] નાવ હરિજન, નિઃકારણમાંહે મુદા[4]. ૯
કહે અખો સુખે હોય, યોગક્ષેમ[5] મહંતને;
દેહધારી સરખા દીસે, પણ રહે પદ અનંતને. ૧૦

---

## કડવું ૪૦—આ ગીતાનું ફળ.

### રાગ ધન્યાશ્રી.

એ અખેગીતા જે નર ગાયજી, અણુઆયાસે[6] તે નર હરિ થાયજી;
સાંભળતાં મહાગહેન પલાયજી, એવો ગ્રંથનો છે મહિમાયજી. ૧

### પૂર્વછાયા.

ગ્રંથનો મહિમાય મોટો, સાંભળતાં તે સદ્ય[7] ફળે;
મનસા વાચા કર્મણાએ, જે સુરત્ય દઈને સાંભળે. ૧
રામતારક મંત્ર જે, તે અખેગીતાનો ભાવ;
જન્મ છેહલો હોય જેહને, તેહને મળે પ્રસ્તાવ[8]. ૨
સંસારરૂપી મોહનિશાન[9], નિવૃત્તાવા[10] કાજ;
દિનમણિ છે અખેગીતા, પામે સદા સદોદિત રાજ. ૩
એમાં જ્ઞાન ભક્તિ વૈરાગ્ય છે, માંહે માયાનિરીક્ષણ દૃષ્ટિ;
જીવન્મુક્ત ને મહામુક્તના, ચેહેન[11] ને વળી પુષ્ટિ. ૪
પદ દસ ને ચાલીસ કડવાં, છે પરમપદની વાટ;
સંસારસાગર ઉપરે, એ સેતુ[12] બાંધ્યો ઘાટ. ૫

---

૧ નમસ્કાર કરવાયોગ્ય. ૨ દુઃખથી તરી શકાય એવો સંસાર. ૩ તારનાર. ૪ પ્રસન્ન. ૫ અપ્રાપ્તની પ્રાપ્તિ ને પ્રાપ્તનું રક્ષણ. ૬ વિનાપ્રયત્ને. ૭ તુરત. ૮ સાંભળવાનો પ્રસંગ. ૯ અજ્ઞાનરૂપે રાત્રિને. ૧૦ દૂર કરવા. ૧૧ લક્ષણ. ૧૨ પાજ,

Gandhi Heritage Portal

એણે ઘાટે જે આવી ચડશે, તે સુખે પામશે પાર;
ન બુડે તે બિરદ બાંધી, કહે અખો નિરધાર. ૬
બારે ઊણા પાંચસે છે, અખેગીતાના ચરણ;
ચરણે ચરણે આત્મવિદ્યા, અશરણકેરૂં શરણ. ૭
નાથ નિરંજન ગ્રંથકરતા, અખો તે નિમિત્તમાત્ર;
જેમ વાજું દીસે વાજતું, પણ વજાડે ગુણપાત્ર. ૮
જે પૂરણબ્રહ્મ પૂરી રહ્યો છે, ઘટઘટ બોલણહાર;
તેણે આપે આપનું વરણન કીધું, સ્વસ્વરૂપ નિરધાર. ૯
સંવત સતર પચલોતરે[1], શુકલપક્ષ ચૈત્રમાસ;
સોમવાર રામનવમી, પૂરણ ગ્રંથપ્રકાશ. ૧૦
કહે અખો નિરંજનગીતા, સ્વસ્વરૂપ નિજ સંતને;
અખાને શિર નિમિત્ત દેવું, ઇચ્છા હુતી અનંતને. ૧૧

---

## પદ ૧૦–પરમાનન્દનું વર્ણન.

### રાગ ધવલધન્યાશ્રી.

અભિનવો આનંદ આજ, અગોચર[2] ગોચર[3] હવો એ;
પરપંચપાર મહારાજ, તે પૂરણબ્રહ્મ હું સ્તવું એ. ૧
હરિહર અજ ભુવનેશ, તેતણો ઈશ અજાપતિ[4] એ;
તે જાણો અંગ[5] ઈશ, જેહને ગાય નિત્ય શ્રુતિ એ.
સ્વેં ચૈતત્યઘનરાય, શૂન્યમાં[6] સોહામણો એ;
તે નાવે વાણીમાંહે, તે નહિ વિરાટ ને વામણો એ. ૩
તે જાએ ન આવે ક્યાંહી, સ્થિર પૂરણ અવિનાશ છે એ;

---

૧ પંચોતેર. ૨ અજ્ઞાત ૩ જ્ઞાત. ૪ માયાના સ્વામી. ૫ હે પ્રિય! ૬ માયા ને માયાનાં કાર્યોના અભાવમાં.

Gandhi Heritage Portal

લિંગ ભગ તેમાં નહિ, જેવડે આકાશ છે એ. ૪
એ જાણે ગયો જંજાલ, યથારથ જેમ તેમ થયું એ;
જિહાં કર્મ ન લાગે કાલ, સભર ભરાઇ તે રહ્યું એ. ૫ → एकांशे स्थितो जगत्
તિહાં હવું મન લેલીન, જઇ ચૈતન્ય સભર ભર્યું એ;
નહિ કો દાતા દીન, તન મન સહજે સજ થયું એ. ૬
પ્રગટ્યાં કોટિ કલ્યાણ, આપાપાર વિણસે રહ્યું એ;
સદા સદોદિત ભાણ, ઉદે અસ્ત આ કારણ ગયું એ. ૭
કહે અખો આનંદ, અનુભવીને લેહેવા તણો એ;
એહવો પૂર્ણ પરમાનંદ, નિત્ય સરાણાં[1] અતિ ઘણો એ. ૮

ઇતિ શ્રીઅખેગીતા સંપૂર્ણ.

૧ વખાણું.

Gandhi Heritage Portal